

# સુખનો દ્વાર

## વાર્તાઓ જે માર્ગ બતાવે

વ્યક્તિત્વ વિકાસ | કુટુંબનો સાથ
વ્યાપારની કડીઓ | સાચું સ્વાસ્થ્ય

2015

MacSoft SM



સુખ, શાંતિ, સમાધાન, સમૃદ્ધિ, ઐશ્વર્ય, આરોગ્ય અને પ્રતિષ્ઠા આ સાત રંગોના દીવાથી તમારૂ જીવન પ્રકાશમય થાય તેવી નવા વર્ષની શુભેચ્છાઓ.

મૌલિક ભૂપતાણી


MacSoft

Macro World℠
Softwares

418, Devpath Building, Near Lal Bunglow, C. G. Road, Navrangpura, Ahmedabad. Pincode - 380 006. Gujarat - INDIA.
Telephone : +91 (79) 6512 5678 | SMS : +91 98796 33230
E-mail : info@tradsoft.com | Web : www.macroworldsoftwares.com

Website Design | E-Mail Solution | Hosting Solution | SSL Certificate | Domain Registration

# સુખનો
# દ્વાર

2015

વાર્તાઓ જે માર્ગ બતાવે

વ્યક્તિત્વ વિકાસ

કુટુંબનો સાથ

વ્યાપારની કડીઓ

સાચું સ્વાસ્થ્ય

MacSoft SM

For private circulation only.
Not for sale.

# પ્રકાશનો


| | |
|---|---|
| માત્ર ખુશી | 2014 |
| Colours of Life | 2013 |
| Rich Within | 2012 |
| Inspiration | 2011 |
| The window of wisdom | 2010 |
| The ladder of success | 2009 |
| The beautiful life | 2008 |
| Happiness | 2007 |

E-copy is available on

www.macroworldsoftwares.com

MacSoft

Macro World[SM]
Softwares

418, Devpath Building, Near Lal Bunglow, C. G. Road, Navrangpura, Ahmedabad. Pincode - 380 006. Gujarat - INDIA.
Telephone : +91 (79) 6512 5678 | SMS : +91 98796 33230
E-mail : info@tradsoft.com | Web : www.macroworldsoftwares.com

November 11, 2015

# પ્રસ્તાવના

એક વખત ખોદકામ કરતી વખતે એક વિશિષ્ટ પ્રકારનો પથ્થર મળ્યો. એ પથ્થર છે કે હીરો તે નક્કી કરવાનું ખૂબજ મુશ્કેલ હતું. આ માટે સમગ્ર દુનિયામાંથી આ બાબતના નિષ્ણાતોને બોલાવ્યા એક પછી એક નિષ્ણાત વ્યક્તિએ આવીને એ પથ્થર ને તપાસ્યો પણ કોઇ નક્કી ના કરી શક્યું કે આ પથ્થર છે કે હીરો છે?

છેવટે એક અંધ વ્યક્તિ આવી. અને એણે પેલા પથ્થરને હાથમાં ઉપાડ્યો. બધા નિષ્ણાતો હસવા લાગ્યા કે, "આ આંધળો કેવી રીતે નક્કી કરી શકશે?" પેલી અંધ વ્યક્તિ ખુલ્લા મેદાનમાં ધોમધખતા તાપમાં રાખેલા પથ્થર પાસે ગયો. પથ્થર હાથમાં લઇને ફેરવ્યો અને તુરંત જ કહ્યું કે, "આ પથ્થર નથી પણ હીરો છે."

બધાએ એક સાથે જ આશ્ચર્ય સાથે પૂછ્યું કે, "તમે તો આંખોથી જોઇ પણ નથી શકતા તો પછી તમે કેવી રીતે નક્કી કર્યું કે આ હીરો જ છે!" ત્યારે એણે કહ્યું કે અત્યારે ઉનાળાની ભર બપોર છે અને સાવ ખુલ્લામાં આ પદાર્થ રાખેલો છે. આટલો બધો તાપ એના પર પડવા છતા એ ગરમ નથી જે બતાવે છે કે એ પથ્થર નથી જે બતાવે છે કે તે હીરો છે કારણ કે હીરો ગરમીથી ગરમ ન થાય અને ઠંડીથી ઠંડો ન થાય. બહારના વાતાવરણની કોઇ અસર તેના પર ન થાય.

જીવનમાં પણ સમસ્યા, સંઘર્ષો અને પ્રશ્નોનો સૂર્ય બરોબરનો તપતો હોય અને આમ છતાં આ સમસ્યાઓના તાપની જેના પર અસર ના થાય એ જ સાચો હીરો છે અને તપી જાય એ બધા પથ્થરો. ચાલો આપણે હીરો બનવાનો સંકલ્પ કરીએ અને ખોલીએ સુખનો દ્વાર.

જેમ કોલસો વર્ષો સુધી પૃથ્વીના પેટાળમાં તપે છે તો તેના રંગરૂપમાં આવતું પરિવર્તન બહાર દેખાય છે સાથે જ તે અંદરથી મજબૂત બને છે. તેનો ઉપયોગ હવે બળતણ તરીકે થવા ને બદલે ઉદ્યોગોમાં તથા સુશોભન માટે થાય છે સાથે જ તેની કિંમતમાં અનેક ઘણો વધારો થાય છે. આપણું મન પણ આવું જ છે. તે આપણા સુખ

અને દુ:ખનું ઉપભોગતાની સાથે તેનું કારણ પણ છે. તેથી સુખનો દ્વાર ખોલવા માટે અંતર મનનો દ્વાર ખોલવો પડે. તે માટે મનના ઊંડાણમાં જવું પડે. મનના ઊંડાણમાં જવાનો અને અંતર મનના વિકાર દૂર કરવાનો રસ્તો મને વિપશ્યના ધ્યાન દ્વારા મળ્યો છે.

વિપશ્યના ધ્યાનથી મારા જીવનમાં અનેક હકારાત્મક પરિવર્તન આવ્યા છે. તેથી હું આજે વિપશ્યના સાધના ૨૬૦૦ વર્ષ પછી ભારતમાં મારા સુધી પહોચાડવા માટે વિપશ્યનાના પ્રધાન આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયંકાજી-માતાજી, વિપશ્યનાના શિક્ષકો તથા વિપશ્યનાના વિવિધ ક્ષેત્રોમાં સેવા આપનારા ધમ્મસેવકો-સેવિકાઓનો હું ખરા હ્રદયથી ઉપકાર માનું છુ.

મેક્રો વર્ડ સોફ્ટવેર્સમાં છેલ્લા આઠ વર્ષોથી દિવાળી નિમિત્તે દર વર્ષે એક પ્રેરણાત્મક પુસ્તક ભેટ તરીકે આપવાની પરંપરા છે. ઘણા વર્ષથી દર દિવાળીએ અંગ્રેજીમાં એક પ્રેરણાદાયક પુસ્તકનું સંકલન કરી સ્વજનોને શુભેચ્છા સાથે આપતો. ગયા વર્ષે મારા માતા-પિતા માટે મેં ગુજરાતી ભાષામાં પહેલી વખત પુસ્તક પ્રકાશિત કર્યું હતું. જે એક અસરકારક નિર્ણય હતો. ગયા વર્ષે અનેક વાચકોના પ્રોત્સાહક એસ.એમ.એસ., ઈમેલ તથા પત્ર આવ્યા તથા ઘણા વાચક મિત્રોએ રૂબરૂ મળીને પણ પ્રોત્સાહન આપ્યું. ગત વર્ષના પ્રોત્સાહક પ્રતિભાવોએ મને આ વર્ષે પણ ગુજરાતી ભાષામાં પુસ્તક “સુખનો દ્વાર” પ્રકાશિત કરવા પ્રેરણા આપી છે. ગયા વર્ષે ઘણા મિત્રોએ વધુ પુસ્તકો તેમના મિત્રો તથા સ્વજનોને આપવા માંગ્યા. અમદાવાદ મેનેજમેંટ અસોશિએશનના એક્સિક્યુટિવ ડાઇરેક્ટર શ્રી કે. કે. નાયરે સો પુસ્તકો આપવા માટે કહ્યું તથા અમદાવાદ મેનેજમેંટ અસોશિએશને “માત્ર ખુશી” પુસ્તક પર એક કાર્યક્રમ પણ યોજ્યો હતો. બીજા એક મિત્રએ પણ સો પુસ્તકોની ઈચ્છા દર્શાવી. મેં લગભગ કોઈને પણ ના ન કહી. પરિણામે, ગત વર્ષે પુસ્તકની પ્રથમ આવૃત્તિ થોડા જ દિવસોમાં પૂરી થઈ ગઈ. તેથી તે બીજી વખત છાપ્યું હતું.

ગઈ કાલે રવિવાર હતો. આ દિવસ આ પુસ્તક માટે ફાળવ્યો હતો. બપોરે ઘરે જમવા ગયો એટલે અમારી છ વર્ષની દીકરી નિષ્કાએ મને ઘર પર રહેવા જીદ કરી. તેને મારી સાથે સમય ઉજવવો હતો. ખુશીથી સમય પસાર થાય તેને ઉજવ્યો જ કહેવાય ને! દિવાળી નજીક આવી એટલે આ પુસ્તક મારે પૂરું કરવું જ હતું. તેથી મેં

તેને મારી સાથે ઓફિસ પર આવવાની ઓફર આપી. સાથે શરત રાખી કે હું તેને વધુ સમય નહીં આપી શકું. મારી શરત સ્વીકારી તે મારી સાથે ઓફિસે આવી. તેણે અઢી કલાક સુધી પોતાનું ચિત્રકામ કર્યું. મને બે ત્રણ વાર બતાવ્યું અને મેં તેની કળાને પ્રોત્સાહન આપ્યું. આમાં મારો એક ભ્રમ તૂટ્યો. મને હતું કે એકલા બેસીને જ સર્જનાત્મક બની શકાય. પરંતુ તે અઢી કલાકે મને જે ખુશી અને પરિપૂર્ણતા આપ્યા કે જે સારું આઉટપુટ આપવા માટે પ્લૅટફૉર્મ બન્યા. લાગ્યું કે બંનેએ એક જ કામ કરવું જરૂરી નથી, માત્ર સાથે રહેવું જરૂરી છે. થૅન્ક યૂ બેટા નિષ્કા.

ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ ડૉ. કૃષ્ણા ઉમેષ જોશીએ જોડણીની ભૂલો સુધારી આપી તે બદલ હું તેમનો આભારી છું. મેક્રો વર્લ્ડ સોફ્ટ્વેરસમાં મારી સાથે કામ કરતાં સૌ સહકર્મી, ગ્રાહક તથા વિવિધ ક્ષેત્રે સેવા અપનારા મિત્રોનો હું આભાર માનું છું. આ પુસ્તક મારા કુટુંબીજનોને અર્પણ કરતાં મને ખૂબ જ સુખનો અનુભવ થાય છે.

નવા વર્ષમાં આપ સૌ વાચકોનો સુખનો દ્વાર ખૂલે તેવી શુભેચ્છા!



# અનુક્રમ


વ્યક્તિત્વ વિકાસ........................................ 9-28

એક ભિખારીની શીખ........................................9

દશરથ મનજી........................................12

સસ્તો સોદો........................................14

પિઝાની બીજી બાજુ........................................ 17

કન્વર્ઝન........................................19

સફળતાનો હિમખંડ........................................23

7 ગોલ્ડ મેડલ........................................24

દડી, પથ્થર, રેતી અને ચોકલેટ........................................25

એક કપ દૂધ........................................27

એક રૂપિયો........................................28

કુટુંબનો સાથ........................................29-48

એક પિતા........................................31

શું આ શક્ય છે?........................................34

અને સસરા એ જવાબ આપ્યો........................................36

થોમસ........................................37

પહેલી બંક........................................ 38

ના આવડે તો, તમે શું કરશો?........................................ 39

તાળું, ચાવી અને હથોડી !........................................ 40

એક રોટલી!........................................ 41

ચોરી અને પ્રાયશ્ચિત........................................45

વ્યાપારની કડીઓ........................................49-63

દ્રષ્ટિકોણ........................................49

એક સફળ લીડર........................................ 50

લંચનો એક કલાક........................................53

અરદેશર ગોદરેજ........................................60

સાચું સ્વાસ્થ્ય........................................64

તેજાનામાં સમાયેલું સ્વાસ્થ્ય........................................64

# વ્યક્તિત્વ વિકાસ



સુખનો દ્વાર



સીડી તો તેને માટે છે, જેને છત સુધી જવું છે.
મારે તો આભ જોઈએ છે, રસ્તો તો સ્વયં બનાવવાનો છે.

# એક ભિખારીની શીખ

હું અને રમેશ બાળપણના મિત્રો. પહેલા તે મારા ઘરની નજીક રહેતો હતો રોજ મળતા અને મજા કરતાં. થોડા વર્ષો પછી તે નવા બંગલામાં રહેવા ગયો. કારકિર્દીની દોડધામમાં સંપર્ક ઓછો થયો અને છૂટી જ ગયો. તેની દુકાન મારી ઓફિસથી ચાર ડગલાં દૂર. પરંતુ તેને મળવા જવાનો સમય જ ના મળ્યો. થોડા મહીના પહેલા તેને હું મળવા ગયો. તે ખૂબ રાજી થયો બંને ભેટી પડ્યા. જૂના દિવસો યાદ કરી અમે બંને ભાવવિભોર થઈ ગયા. જૂના મિત્રો પણ યાદ કર્યા. તેને મળી ને એવો પ્રશ્ન થયો કે, “તે ખરેખર સુખી તો છે ને?” તે સમયે મેં વધુ તપાસ ના કરી. અમારા મિત્ર મિનેશને સરપ્રાઈજ આપવાના પ્લાન સાથે ખુશીથી છૂટા પડ્યા.એકાદ અઠવાડિયામાં મિનેશના ઘરે ધાડ પાડવાનું નક્કી કર્યું. મિનેશ અચાનક અમને જોઈને રાજી થયો. કલાકેક વાતો કરી હું અને રમેશ મિનેશ ના ઘરેથી નીકળ્યા.

રમેશે ધીમા અવાજે : “અહીં ફ્લૅટ શું ભાવે ભાડે મળે?”

મેં પૂછ્યું, “બધુ બરાબર તો છે ને?”

રમેશે જવાબ આપ્યો, “બસ... ઘર ઘરની વાતો... એ... જ...”

રમેશ ગળગળો થઈ ગયો. કોઈ પણ પુરુષ ભલે અંદરથી રડતો હોય પરંતુ આંસુ બહાર આવે તો તેનો અહમ ઘવાય. તેથી તે સમય મને પૂછપરછ માટે યોગ્ય ના લાગ્યો. બે દિવસ પહેલા હું રમેશને મળવા તેની દુકાને ગયો. તેણે ધીમો આવકાર આપ્યો.

મેં કહ્યું, “બસ તને મિસ કરતો હતો એટલે તારું મોઢું જોવા આવ્યો હતો. તું તારું કામ ચાલુ રાખ હું બસ જાઉં જ છું.”

રમેશ મને દુકાનની બહાર મૂકવા આવ્યો. મને તેની સાથે બે વાત કરવાની તક મળી ગઈ. થોડી વાતો કરી. તે હળવો થયો. પરંતુ ચહેરો સ્પષ્ટ જણાવતો હતો કે તેના મનમાં દુ:ખના વાદળ અંધકાર કરીને બેઠા છે. વધુ વાત કરવા મેં સોસાયટીના વિકાસની વાતો કાઢી.

રમેશ : “સોસાયટીની મિટિંગોમાં એક બીજાની ટાંગ ખેંચવા જ ઘણા આવતા હોય છે. ત્યાં સારા કામ ભાગ્યે જ થાય. અને જે કરે તેને માથે માછલા ધોવાય.

મેં કહ્યું, “પહેલા મને પણ એવું જ લાગતું હતું. મેં પણ આવી એક પણ મીટિંગ એટેંડ નથી કરી. પણ હવે મારા મનનું લેવલ બદલાયું છે. હું હવે આવા લોકોને હેન્ડલ કરી શકું છું. હું તેમની નેગેટિવિટીને બહુ સહેલાઈથી પોઝેટિવિટીમાં ફેરવી શકું તેમ છું.”

મારી આંખમાં રમેશે દ્રઢતા જોઈ. તેની બોડી લેંગવેજ એવું કહેતી હતી કે તે આ વાતથી પ્રભાવિત થયો. લાગ્યું કે હવે તે મારી વાત સાંભળશે.

મેં કહ્યું, “કામ શરૂ કરીએ એટલે અનેક લોકો મદદે આવે છે.”

રમેશ : “પણ ખરી જરૂર હોય ત્યારે કોઈ સાથે હોતું નથી. મારે અત્યારે વ્યાજ ભરવું પડે છે. જરૂર હતી ત્યારે મને કોઈએ મદદ ન કરી.”

રમેશના દૂ:ખનું મૂળ મને દેખાતું થયું. મેં તક ઝડપી લીધી.

મેં કહ્યું, “રમેશ, વિચારવાની આ રીત જ ખોટી છે. ભઈલા તું દૂ:ખી થઈશ.”

રમેશ ડીફેન્સીવ થઈને : “મને જ્યારે પૈસાની જરૂર હતી ત્યારે પોતાનાઓએ દગો દીધો. પ્રોજેક્ટ ચાલુ થઈ ગયો હતો એટલે મારે વ્યાજે પૈસા લેવા પડ્યા.”

મને રમેશ અને તેના સગાંઓની ભૂલ સમજાઈ. પરંતુ આ સમય ભૂલો બતાવી તેની પરિસ્થિતિ બગાડવાનો ન હતો. આ એક તક હતી (વિચારસરણી બદલાવવા માટે) એક સ્ટોક મારવાની.

મેં કહ્યું, “પહેલા હું પણ આવું જ વિચારીને દૂ:ખી થતો હતો. ધ્યાન કરતાં સાચી સમજ આવી. પછી બધુ જ બદલાઈ ગયું છે. એક વાત સાંભળ બધુ ક્લિયર થઈ જશે.” મેં વાત ચાલુ કરી.

અહીં સી.સી.ડી. પાસે એક છોકરો નવી ગાડીમાં કોઈની રાહ જોઈ રહ્યો હતો. તેને જોતાં લાગતું હતું કે આ બહુ પૈસાદાર ઘરનો યુવાન છે. તે થોડો વ્યાકુળ હતો. તેને એક ફોન આવ્યો.

તેણે ગુસ્સામાં કહ્યું, "નથી આવવું મારે તમારા કારખાનામાં. મને નથી ગમતું આ બધુ... ભાઈને ગમે તે કરે. એકવાર કહ્યું ને... હું ત્યાં નહીં આવું. હું... હું અત્યારે કાફે કોફી ડે વાળા ચાર રસ્તા ઉપર છું. મારા ફ્રેન્ડ્સની રાહ જાઉં છું." તેણે ફોન મૂકી દીધો અને આગળ પાછળ જોવા લાગ્યો. લાગતું હતું કે તે મિત્રોની આતુરતાથી રાહ જુએ છે.

ત્યાં એક ભિખારી એ તેની પાસે ભીખ માંગી. છોકરાએ ભિખારીને : "હાથ પગ ચલાવ. મહેનત કર. આમ ભીખ માગતા શરમ નથી આવતી?"

ત્યાં જ એક બહુ જ મોંઘી ગાડી ત્યાં આવી ધીરેથી તેની ગાડી પાછળ ઊભી રહી. એક ૩૦-૩૫ની ઉંમરના ભાઈ તેમાંથી નીકળ્યા.

છોકરો : "ભાઈ તમે અહીં!"

પેલા ભાઈ : "હા, મેં જાણ્યું કે તું તારા મિત્રો સાથે બહાર જવાનો છે. કદાચ તને પૈસાની જરૂર પડશે."

છોકરો કશું બોલે તે પહેલાં ભાઈ તેના હાથમાં રૂપિયા આપીને જતાં રહ્યા. ભિખારી આ બધુ જ એકીટશે જોઈ રહ્યો હતો.

છોકરો ઉત્સાહમાં આવીને ભિખારીને : "શું વિચારે છે?.... એવું વિચારે છે ને કે કાશ તને પણ આવો એક ભાઈ હોત તો..."

ભિખારી (હસીને) : "ના, હું એવું વિચારું છું કે કાશ હું પણ તમારા ભાઈ જેવો બની શકું!"

છોકરાની આંખો ભીંજાઈ ગઈ. તેનો ઉત્સાહ ગંભીરતામાં પરિવર્તિત થઈ ગયો. થોડી ક્ષણ પછી, તેની આંખોમાં એક ચમકારો આવ્યો અને મુખ પર સ્મિત.

મારી આ વાત પૂરી થતાં સુધીમાં રમેશની આંખોમાં પણ એક ચમક હતી. તેના કપાળ ની કરચલી થોડી ઓછી થઈ ગઈ હતી. અને મુખ પર હતી થોડા પ્રમાણમાં શાંતિ. વાચક મિત્રો, "કોણે મને શું આપ્યું?", તે વાગોળવામાં દૃ:ખ જ દૃ:ખ છે. જો સુખનો દ્વાર ખોલવો હોય તો એવું વિચારવું પડે કે, "હું બીજાને શું આપી શકું?"

# દશરથ માંઝી

બિહારનું એક નાનું એવું ગામ "ગહલોર" પર્વતિય વિસ્તારમાં આવેલું છે. આ ગામમાં એક મજૂર રહે એનું નામ દશરથ. દશરથ અને તેના પત્નિ ફાલ્ગુનીદેવી મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા હતા. એક દિવસ ફાલ્ગુનીદેવીને એક અકસ્માત નડ્યો અને તે ગંભીર રીતે ઘવાઈ. પત્નીને સારવાર આપવા માટે દશરથ ઘાયલ પત્નીને લઇને નજીકના શહેર વઝીરગંજ તરફ જવા રવાના થયો.

આમ તો ગહલોર અને વઝીરગંજ વચ્ચે બહુ લાંબું અંતર નહોતું પણ પહાડી વિસ્તારને કારણે આ બંને ગામ વચ્ચે આવેલા એક મોટા પર્વતને પસાર કરવા માટે ફરી ફરીને જવું પડતુ અને એ અંતર 70કીમી જેટલું થતુ. દશરથ પોતાની ઘવાયેલી પત્નીને લઇને આ 70કીમીનું અંતર કાપે તે પહેલા જ પત્નીએ આ જગતને અલવિદા કહી દીધી. દશરથને માથે તો જાણે કે આભ તૂટી પડ્યું કારણ કે જીવનનો એકમાત્ર સહારો અને સાથી જતો રહ્યો.

દુઃખી થઇને બેસી રહેવાના બદલે દશરથે એક મહત્વનો નિર્ણય કર્યો. પોતાના ગામ અને શહેર વચ્ચેના આ મોટા પર્વતને કાપીને તેમાં એક સુરંગ બનાવવામાં આવે તો ગામના લોકોને શહેર પહોંચવામાં ખૂબ જ સરળતા રહે અને ખાસ કરીને બિમારીના કિસ્સામાં સમયસર સારવાર મળી રહે અને પોતે જેમ પત્ની ગુમાવી એમ બીજા કોઈએ પોતાના કોઇ અંગત સ્નેહીને ગુમાવવાની નોબત ન આવે. એમણે પોતાનો આ વિચાર ગામ લોકોને કહ્યા. ગામ લોકો તો એની વાત પર હસવા લાગ્યા. બધા કહેતા , " બૈરુ મરી ગયું એમાં આ દશરથ ગાંડો થઇ ગયો છે."



દશરથે મનોમન નક્કી કર્યું કે ગામ લોકો સાથ ન આપે તો મારે એકલા પણ આ પર્વતમાંથી રસ્તો બનાવવો છે. બીજા જ દિવસે એ તો

હથોડી અને છીણી લઇને પહોંચી ગયો પર્વત પાસે. લોકોએ સ્વીકારી લીધું કે દશરથનું ચસ્કી ગયું છે આ નાની છીણીથી આવડા મોટા પર્વતને એ ક્યારે કાપી શકે? લોકો ઘણું ઘણું બોલતાં, પણ હારી જાય તો એ દશરથ શેનો ? એણે ગામમાં રહેવાનું છોડી દીધુ અને પર્વતની તળેટીમાં જ રહેવા માટે આવી ગયો જેથી ગામથી પર્વત સુધી આવવાનો અને ફરીથી ગામ સુધી જવાનો સમય બચાવીને એ સમયનો ઉપયોગ પર્વતને ખોદવામાં કરી શકાય.

1960માં દશરથ મનજીએ એ શરુ કરેલી પર્વત ખોદવાની યાત્રા 1982માં પુરી થઇ. 22 વર્ષની સખત મહેનત બાદ એમણે એ દુર્ગમ પર્વતને કાપીને બંને ગામ વચ્ચેનું અંતર માત્ર 10 મિનિટમાં કાપી શકાય એવો 360 ફુટ લાંબો, 25 ફુટ ઉંડો અને 30 ફુટ પહોળો રસ્તો તૈયાર કર્યો. એકલપંડે પત્નીની યાદમાં ગ્રામજનોને એક અદભુત ભેટ આપી. સરકારને જ્યારે આ વાતની જાણ થઇ અને સરકારે દશરથને જમીન ભેટ તરીકે આપી તો એ જમીન પોતે સ્વીકારવાને બદલે તે જમીન પર એક દવાખાનું બનાવવા માટે એણે સરકારને વિનંતી કરી જેથી લોકો સમયસર સારવાર લઇ શકે.

મિત્રો, શાહજહાંએ પત્નિની યાદમાં લાખોનો ખર્ચ કરીને 22 વર્ષમાં તાજમહેલ બનાવ્યો અને દશરથે પોતાની પત્નીની યાદમાં આટલા જ વર્ષોની મહેનતથી ગામલોકોની લાચાર અવસ્થાને બદલી નાંખી. આપણે પણ વિચારવું કે આપણે આપણી સંપતિનો ઉપયોગ કેવી રીતે કરવો છે ? શાહજહાં બનવું છે કે દશરથ મનજી ?



## દિલનો દરવાજો

એક કલાકારને દિલના દરવાજાનું ચિત્ર તેણે બહુ જ સુંદર ચિત્ર દોર્યું. પણ તેમાં કોઈ હેન્ડલ ન હતું. કોઈ એ પૂછ્યું, "ભાઈ આમાં હેન્ડલ કેમ નથી?" કલાકારે હ્રદય સ્પર્શી જવાબ આપ્યો કે, "દિલના દરવાજા અંદરથી ખૂલે, બહારથી નહી."

# <u>સસ્તો સોદો</u>

અમારા ધંધામાં સમયે સર્વિસ ટેક્સ ભરવાની પીંજણ બહુ મોટી. મને યાદ છે, તે દિવસે મારા સી.એ. એ ટેક્સ ભરવાની ગણતરી કરી. દર વખત ની જેમ જ મેં ઇન્ટરનેટ બૅન્કિંગ દ્વારા ટેક્સ ભરવાનો પ્રયત્ન કર્યો. મારા ઇન્ટરનેટ બેંકિંગ નો પાસવર્ડ ના ચાલ્યો. મેં ચેકથી ટેક્સ ભરવાનું વિચાર્યું પરંતુ સર્વિસ ટેક્સ ભરવાનું તો માત્ર ઇન્ટરનેટ બૅન્કિંગ દ્વારા જ શક્ય હતું. તેથી મેં જતીનભાઈને બેન્કમાં ફોન કરી વ્યથા જણાવી. તેમણે મને બૅન્ક પર આવવાનું સૂચવ્યું. હું જ્યારે બેન્કમાં પહોંચ્યો તો જોયું કે બધા બહુ વ્યસ્ત છે. જતીનભાઈએ મને બૅન્ક મેનેજરને મળવાનું સૂચવ્યું. તે બહુ પણ વ્યસ્ત જાણતા હતા અને તેમના મુખ પર ટેન્શન પણ હતું. મેં મારી મુશ્કેલી જણાવી. તેમણે બધા જ કામો પડતાં મૂકી ને બેન્કરના ખાતામાંથી મારો ટેક્સ ભરી આપ્યો. મારું કામ સમય પર પૂર્ણ થયું અને લેટ ફી તથા વ્યાજ ભરવામાંથી હું બચ્યો.

ત્યાં જ મારા એક મિત્ર મને નિહાળી રહ્યા હતા. તેમણે મને કહ્યું કે, "તમારો તો વટ છે. તમારું કામ સૌથી પહેલું થયું અને અમે હજુ રાહ જોઈએ છીએ." મેં કહ્યું, "ખરેખર! મેં તો એવું વિચાર્યું પણ ન હતું." ત્યાં જતીનભાઈએ કહ્યું, "મૌલિકભાઈ, આ સાહેબની વાત સાચી છે. તમારી સાથે માત્ર ગ્રાહક તરીકેના જ સંબંધ નથી. તમે અમારા જ છો. તમારી મુશ્કેલી સૌથી પહેલા ધ્યાનમાં લેવાય છે." મને સુખદ આશ્ચર્ય થયું. મારા મિત્ર એ મને બહાર આવી ને પૂછ્યું, "તમે શું કર્યું કે, તમને પ્રાથમિકતા મળી?" મેં કહ્યું, "મારુ તો ખાતું નાનું છે અને વળી મને પ્રાથમિક્તા મેળવવાનો વિચાર જ નથી આવતો." મારા મિત્રએ મને કહ્યું, "કઇંક તો વાત છે. મને પણ કહો." મેં થોડું વિચારીને નીચેનો પ્રસંગ કહ્યો.

લગભગ ત્રણેક મહિના પહેલાની આ વાત છે. બે ત્રણ ગ્રાહક પાસેથી રોકડ મળી એટલે બૅન્કમાં જમા કરાવવાનું થયું. બૅન્કમાં સ્ટાફ સાથે સંબંધ સારો હતો. હાય હેલ્લો કરી રોકડ જમા કરાવવા હું લાઈનમાં ઊભો રહ્યો. મારો નંબર આવ્યો. પૈસા કૅશિયરને  આપ્યા. કૅશિયર ધીમે ધીમે કામ કરતો હતો. મને થોડો કંટાળો તો આવ્યો પરંતુ કશું બોલ્યા વગર મેં રાહ જોવાનું વિચાર્યું. થોડીવારમાં કૅશિયરને તેના મશીને એક નોટ પાછી આપી. કૅશિયરે મારી સામે જોઈને (તેનાથી શક્ય હતું તેટલી

વિનમ્રતાથી) કહ્યું કે આ નોટ ખોટી છે.

મેં કહ્યું, પાછી આપો બીજી આપું.

તે નેણ ઊંચા ચડાવીને : "આ નોટ ખોટી છે. કાયદા મુજબ પાછી ના મળે."

મેં કહ્યું, "તો રાખો. ચલાવી લેજો." (હું મનમાં હસ્યો અને કૅશિયર મૂંઝાયો)

કૅશિયર : "એક શરતે પાછી મળે. હું તેની ઉપર ડુપ્લિકેટ નો સિક્કો મારીને આપું"

મેં કહ્યું, "તો એ નોટ કોણ લેશે. મને નુકશાન થશે. એવું ના કરશો."

(હું આવી રકઝક પહેલી વાર કરતો હતો. મારી વાતમાં વિનમ્રતા હતી પરંતુ દ્રઢતા પણ હતી. મહેનતથી કામવેલા પૈસા વ્યર્થ ન થવા દેવાય ને!)

મને લાગ્યું કે આ ભાઈ તો નહીં સમજે. હું મેનેજર પાસે ગયો. મેનેજરની કેબિનમાં જતીનભાઈ પણ હતા. બંનેએ આવકાર આપ્યો. મેં વાત ટૂંકમાં જણાવી અને તેમણે શાંતીથી સાંભળી. મેનેજરે કૅશિયરને બોલાવ્યા.

મેનેજર : "આ સાહેબને નોટ પાછી આપી દો."

કૅશિયરે દુવિધા પૂર્ણ દ્રષ્ટિએ મેનેજર સામે જોયું.

જતીનભાઈ : "મૌલિકભાઈ ઘરના જ છે. આપી દો વાંધો નહીં આવે."

કૅશિયરે નોટ પાછી આપી. મેં બીજી નોટ આપી. (મનમાં હું હરખાયો પણ ખરો.)

જતીનભાઈ એ થોડી વાતો કરી.

જતીનભાઈ : "મૌલિકભાઈ, તમે કોઈને કહેતા નહીં કે તમને આ કૅશિયરે ખોટી નોટ પાછી આપી. અને બેન્ક નું નામ તો આપતા જ નહીં."

મેં કહ્યું, "કેમ?!"

જતીનભાઈ : "કાયદા મુજબ, કૅશિયર પાસે ખોટી નોટ આવે તો તેની ઉપર ડુપ્લિકેટ નો સિક્કો મારીને પરત કરી શકાય અથવા તે નોટ જમા કરવી પડે. અને જો કૅશિયર તેમ ના કરે તો તેને ૩ થી ૭ વર્ષની જેલની સજા થાય."

મેં કહ્યું, "શું વાત કરો છો? શું આ આટલો મોટો ગુનો છે? અને આવી કૅશિયરની જવાબદારી?"

મેનેજર : "હા એ જ તો તકલીફ છે. જો નોટ પર સિક્કો મારીને આપીએ તો ગ્રાહક નારાજ થાય અને જો એવું ના કરીએ તો કૅશિયર ફસાય."

જતીનભાઈ : "હમણાં થોડા જ સમય પહેલા એક શાખાના કૅશિયરની ચાલુ બેન્કે ધરપકડ થઈ. અત્યારે તે જેલમાં છે અને નોકરી પણ ગઈ."

મને નવાઈ લાગી. આવું હોઈ શકે? કૅશિયરનો શું વાંક? અને તેના કુટુંબનો શું વાંક? આવા પ્રશ્નો મને થયા. તરત જ વિચાર આવ્યો કે પૈસા તો સુખી થવા કમાઈ એ છીએ. મને શું આ ૫૦૦ રૂપિયા મારા માટે એક વ્યક્તિના જીવનથી એ વધુ પ્રિય છે? આ નોટ હું હોશિયારીથી ચલાવી દઈશ. પરંતુ આ તેને વટાવવામાં કેટલા લોકો દૂ:ખી થશે? લાવને આ ઝંઝટને અહીં જ પૂરી કરી દઉં. આમ વિચારતા – વિચારતા..

મેં કહ્યું, "લો આ નોટ."

મેં તે નોટ ના ચાર પાંચ ટુકડા કરીને જતીનભાઈને આપ્યા. જતીનભાઈ અને મેનેજર સામે જોઈ રહ્યા. મેનેજરે કૅશિયરને બોલાવીને ટુકડા બતાવ્યા. બધાના મુખ પર સ્મિત હતું અને મારા મનમાં હતી સંતોષની લાગણી!

આ વાત પૂરી થઈ ત્યારે મારો મિત્ર સ્તબ્ધ હતો અને હું અંદરથી શાંત !


❖ ❖ ❖

**લોકો તમારી પીઠ પાછળ ત્રણ કારણોથી વાતો કરે છે.**

૧. તેઓ તમારા સ્થાને પહોચી શકતા નથી.
૨. તમારી પાસે એવું કઈક છે જે તેમની પાસે નથી.
૩. તેઓ તમારા જેવી જીવનશૈલી પ્રાપ્ત કરી શકતા નથી.

# પિઝ્ઝાની બીજી બાજુ

"પત્ની બોલી: આજે ધોવા માટે વધારે કપડાં ના નાંખતા."



- કેમ?

"એણે કહ્યું, આપણી કામવાળી બાઈ ૨ દિવસ નથી આવવાની"

- કેમ?

"ગણપતિ વિસર્જન માટે એની દીકરી, જમાઈ અને દીકરીની બાળકી ને મળવા માટે જવાની છે, એવું મને કહેતી હતી"...

- સારું વધારે કપડા નહીં કાઢું બસ!

"અને હા ગણપતિ માટે ૫૦૦ રૂપિયા આપું એને, તહેવાર નું બોનસ?"

- કેમ, હજુ દિવાળી આવે છે ને, ત્યારે આપીશું.

"અરે ગરીબ છે બિચારી, છોકરી ના ઘરે જઈ રહી છે. આપીશું તો એને પણ સારું લાગશે.. અને આ મોંઘવારી ના સમયમાં ટૂંકા પગારમાં તહેવાર કેવી રીતે મનાવશે બિચારી?"

- તું પણ છે ને, જરૂર કરતા વધારે ભાવુક છે.

"અરે ચિંતા ના કરો, હું આજનો પિઝ્ઝા ખાવાનો કાર્યક્રમ રદ્દ કરી દઉં છું. વગર ફોગટના ૫૦૦ રૂપિયા ઊડી જશે વાસી પાંઉં ના આઠ ટુકડાની પાછળ"...

- વાહ શું વાત છે! અમારા મોઢાંમાંથી પિઝ્ઝા છીનવીને બાઈ ની થાળીમાં??

(૩ દિવસ પછી પોતું કરતી કામવાળી ને પતિએ પૂછ્યું.)

- કેમ, કેવી રહી છુટ્ટી?

"ખૂબ સારી સાહેબ, દીદીએ ૫૦૦ રૂપિયા આપ્યા હતા ને તહેવાર નું બોનસ."

- અચ્છા, શું કર્યું એ ૫૦૦ રૂપિયાનું?

- "જમાઈ માટે ૧૫૦ રૂપિયા નો શર્ટ,

- બેબી માટે ૪૦ રૂપિયાની ઢીંગલી,
- દીકરી માટે ૫૦ રૂપિયા ના પેંડા,
- બીજા ૫૦ રૂપિયા ના પેડા મંદિરમાં પ્રસાદ ચઢાવ્યો,
- ૬૦ રૂપિયા ભાડા ના થયા,
- ૨૫ રૂપિયાની બંગડી દીકરી માટે,
- અને જમાઈ માટે ૫૦ રૂપિયા નો બેલ્ટ લીધો સારા માનો,
- વધેલા ૭૫ રૂપિયા બેબી ને આપી દીધા નોટ પેન્સિલ ખરીદવા માટે".
  (કચરા-પોતું કરતા કરતા પૂરો હિસાબ એણે જાણે કંઠસ્થ હતો.)

- ૫૦૦ રૂપિયામાં આટલું બધું?

એ આશ્ચર્ય સાથે મનો-મન વિચાર કરવા લાગ્યો.

એની આંખો સામે આઠ ટુકડા કરેલો મોટી સાઈઝ નો પિઝ્ઝા ધુમવા લાગ્યો. એક એક ટુકડો એના મગજ પર જાણે હથોડા મારતો હતો. પોતાના ૧ પિઝ્ઝા ના ખર્ચની તુલના પેલી કામવાળી બાઇ ના તહેવાર ના ખર્ચ થી કરવા લાગ્યો. પહેલો ટુકડો બેબીની ઢીંગલી, બીજો ટુકડો પેંડાનો, ત્રીજો ટુકડો મંદિરનો પ્રસાદ, ચોથો ભાડાનો, પાંચમો જમાઈના શર્ટનો , છઠ્ઠો બંગડીનો, સાતમો જમાઈના બેલ્ટનો, અને આઠમો બાળકીની નોટ-પેન્સિલનો.

આજ સુધી એણે હંમેશા પિઝ્ઝાની એકજ બાજુ જોઈ હતી. કદી ફેરવી ને નહોતું જોયું કે પીઝ્ઝો પાછળ થી કેવો લાગે છે? પણ આજે કામવાળી બાઈયે એને પિઝ્ઝાની બીજી બાજુ બતાવી દીધી હતી. પિઝ્ઝા ના આંઠ ટુકડા મને જીવન નો અર્થ સમજાવી ગયા.

❖ ❖ ❖

## એક કલાકાર

એક કલાકાર હતો. રોજ નાટકમાં કામ કરે. એક વ્યકિતએ તેને પૂછ્યું કે, "નાટકમાંથી તમે શું શીખ્યા?" નાટકના એ કલાકારે સરસ વાત કરી, નાટકમાંથી એક જ વસ્તુ હું શીખ્યો છું કે, "તમારો રોલ પૂરો થઈ જાય એટલે તમારે સ્ટેજ છોડી દેવાનું છે!"

# કન્વર્ઝન

(૨૯ ઓગસ્ટ ૨૦૦૦ ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘના જનરલ એસેમ્બલી હોલમાં સહસ્રાબ્દી વિશ્વશાંતિ સંમેલનના પ્રતિનિધિઓની હાજરીમાં વિપશ્યનાના પ્રધાન આચાર્ય ગોયન્કાજીએ આપેલા પ્રવચનનો ગુજરાતીમાં અનુવાદ.)



મિત્રો, આધ્યાત્મિક અને ધાર્મિક જગતના નેતાઓ!

આજે આપણે સૌને એકત્ર થઈને માનવતાની સેવા કરવાનો એક ઉત્તમ અવસર ઉપલબ્ધ થયો છે. ધર્મ જો એકતા લાવે તો જ ધર્મ છે, ફાટફૂટ પાડે તો એ ધર્મ નથી.

આજે અહીં કન્વર્ઝનના પક્ષમાં બહુ ચર્ચા થઈ. હું કન્વર્ઝનના પક્ષમાં છું, વિરોધમાં નથી. પરંતુ એક સંપ્રદાયમાંથી બીજા સંપ્રદાયમાં નહીં, પણ એના બદલે કન્વર્ઝન દુઃખથી સુખમાં, બંધનથી મુક્તિમાં, ક્રૂરતાથી કરુણામાં થવું જોઈએ. આજે આવા જ પરિવર્તનની જરૂરિયાત છે અને આ કારણગત આ મહાસભામાં પ્રયાસ કરવાનો છે.

પ્રાચીન ભારતે વિશ્વની સમગ્ર માનવતાને શાંતિ અને સામંજસ્યનો સંદેશ આપ્યો. પણ માત્ર એટલું જ નહી. શાંતિ અને સામંજસ્ય પ્રાપ્ત કરવાનો ઉપાય પણ બતાવ્યો, વિધિ પણ આપી. મને એમ લાગે છે કે માનવ સમાજમાં જો ખરેખર શાંતિ સ્થાપિત કરવી હોય, તો આપણે દરેક વ્યક્તિને મહત્વ આપવું પડશે. જો દરેક વ્યક્તિના મનમાં શાંતિ નહી હોય તો વિશ્વમાં વાસ્તવિક શાંતિ કેવી રીતે આવશે? જો મારું મન વ્યાકુળ હશે, હંમેશા ક્રોધ, વેર, દુર્ભાવના અને દ્વેષથી ભરેલું હશે, તો હું વિશ્વને શાંતિ કેવી રીતે પ્રદાન કરી શકું? આ કરી જ નહી શકાય કારણકે સ્વયં મારામાં શાંતિ નથી. એટલે જ સંતોએ અને પ્રબુદ્ધોએ કહ્યું છે કે, "શાંતિ પોતાની અંદર શોધો." પોતાની અંદર સ્વયં નિરીક્ષણ કરીને જોવાનું છે કે શું સાચે જ મારામાં

શાંતિ છે? વિશ્વના બધા સંતો, સત્પુરુષો અને મુનિઓએ આ જ સલાહ આપેલી છે - પોતે પોતાની જાતને જાણો. એટલે કે કેવળ બુદ્ધિના સ્તર પર નહી, પણ જયારે પોતાની અનુભૂતિના સ્તર પર પોતાના વિષેની સચ્ચાઈને જાણીશું ત્યારે જીવનની સમસ્યાઓનું સ્વતઃ સમાધાન થતું જશે.

આમ કરવાથી વ્યક્તિ સર્વવ્યાપી નિસર્ગના નિયમને, કુદરતના કાનૂનને, કે પછી કહો કે ઈશ્વરની ઈચ્છાને સમજવા લાગતો હોય છે. આ નિયમ બધાને લાગુ પડે છે. જો હું પોતાની અંદર નિરીક્ષણ કરીશ તો જોઇશ કે જેવો મનમાં કોઈ મેલ જાગે છે, તત્પર શરીરમાં એની પ્રતિક્રિયા અનુભુત થવા લાગે છે. શરીર ગરમ થઈ જાય છે, બળતરા થવા લાગે છે, ધડકન વધી જાય છે, તણાવ અનુભવાય છે. હું વ્યાકુળ થઈ જાઉં છું. અંદર મેલ જગાવીને તણાવ ઉત્પન્ન કરું છું તો પોતાની વ્યાકુળતા પોતાના સુધી જ સીમિત નથી રાખતો. એને બીજાઓને પણ વ્હેચું છું. પોતાની આસપાસનું વાતાવરણ એટલું તનાવપૂર્ણ બનાવી દઉં છું કે જે મારા સંપર્કમાં આવે તે પણ વ્યાકુળ થઈ જાય છે. હું ભલેને કેટલી સુખ-શાંતિની વાતો કરું, મારી અંદર શું થઈ રહ્યું છે, એ શબ્દોથી અધિક મહત્વપૂર્ણ છે. અને જો મારું મન નિર્મળ હોય તો પ્રકૃતિનો બીજો નિયમ કામ કરવા માંડે છે. જેવું મારું મન નિર્મળ થાય, આ કુદરત કે ઈશ્વર મને પુરસ્કાર આપવા માંડે છે. મને શાંતિનો અનુભવ થાય છે. આ હું પોતાની અંદર સ્વયં જોઈ શકું છું.

કોઈ ભલે કોઈ પણ સંપ્રદાય, પરંપરા કે દેશના હોય, જયારે તે નિસર્ગના નિયમનો ભંગ કરી મનમાં મેલ જગાવે છે તો દુઃખી થતા હોય છે. કુદરત સ્વયં દંડ આપતી હોય છે. કુદરતના કાનુનનો ભંગ કરનાર તત્કાળ નારકીય યાતનાનો અનુભવ કરતા હોય છે. આ સમયે નારકીય દુઃખના બીજ વાવીએ છીએ, તો મૃત્યુ પછી પણ નારકીય દુઃખ જ મળશે. એજ રીતે, જો શું મનને શુધ્ધ રાખું, મૈત્રી અને કરુણાથી ભરું તો હમણાં પણ પોતાની અંદર સ્વર્ગીય સુખ ભોગવતો હોઉં છું અને આ બીજ મર્યા પછી પણ સ્વર્ગીય સુખ જ લાવશે. હું પોતાને ભલે હિંદુ કહું, ઈસાઈ, મુસ્લિમ, બૌદ્ધ, જૈન કે બીજું કંઈ પણ કહું કોઈ ફરક નથી પડતો. મનુષ્ય મનુષ્ય છે, મનુષ્યનું માનસ મનુષ્યનું માનસ જ છે.

આ રીતે કન્વર્ઝન થવું જ જોઈએ – મનની અશુધ્ધતાનું, મનની અશુધ્ધતામાં. આ કન્વર્ઝન લોકોમાં આશ્ચર્યજનક પલટો લાવશે. આ કોઈ જાદુ કે

ચમત્કાર નથી, પણ પોતાની અંદર શરીર અને ચિત્તના પારસ્પરિક સંસ્પર્શને બરાબર રીતે જાણવાનું પરિણામ છે, જે એક વિશુધ્ધ વિજ્ઞાન છે. કોઈ પણ અભ્યાસ કરીને સમજી શકે છે કે મન કઈ રીતે શરીરને પ્રભાવિત કરતું હોય છે અને શરીર કઈ રીતે મનને પ્રભાવિત કરતું હોય છે. ઘણી ધીરજની સાથે જયારે આનું નિરીક્ષણ કરતાં જઈએ છીએ તો નિસર્ગના નિયમ ઘણા સ્પષ્ટ થતા જતા જોય છે, કે જયારે પણ આપણે ચિત્તમાં મેલ જગાવીએ છીએ, દુઃખી થઈએ છીએ અને જેવું ચિત્ત મેલથી વિમુક્ત થાય છે, શાંતિ-સુખનો અનુભવ કરવા લાગીએ છીએ. આત્મ નિરીક્ષણની આ વિધિનો અભ્યાસ કોઈ પણ કરી શકે છે.

પ્રાચીન કાળમાં ભગવાન બુદ્ધ દ્વારા શીખવવામાં આવેલી આ વિદ્યા વિશ્વભરમાં ફેલાઈ હતી. આજે પણ વિભિન્ન વર્ગોના, સંપ્રદાયોના લોકો આવીને આ વિધા શીખતા હોય છે અને એ જ લાભ પ્રાપ્ત કરતા હોય છે. ભલે એ પોતે પોતાને હિંદુ, મુસલમાન, બૌદ્ધ, ઈસાઈ કહીને બોલાવ્યા કરે, આ નામોથી કોઈ ફરક પડતો નથી. મનુષ્ય મનુષ્ય છે, ફરક એ વાતથી પડશે કે જયારે તે અભ્યાસ દ્વારા વાસ્તવમાં ધાર્મિક બને, મૈત્રી અને કરુણાથી પરિપૂર્ણ થઈ જાય. એમના કર્મો સ્વયં એમના માટે અને બીજાના માટે હિતકારી બને. જયારે કોઈ વ્યક્તિ પોતાની અંદર શાંતિ જગાવે છે, તો એની આસપાસનું આખું વાતાવરણ શાંતિના તરંગોથી ભરાઈ જાય છે. એના સંપર્કમાં જે કોઈ આવે છે તે પણ શાંતિ અનુભવે છે. આ માનસિક પરિવર્તન જ સાચું પરિવર્તન છે, સાચું કન્વર્ઝન છે. આવશ્યકતા આ વસ્તુની છે. અન્યથા બધા બાહ્ય પરિવર્તન નિરર્થક છે.

હું વિશ્વને ભારતનો એક અણમોલ સંદેશ વાંચી સંભળાવાની અનુમતિ માંગું છું. આદર્શ શાસક સમ્રાટ અશોકના ૨૩૦૦ વર્ષ પૂર્વે પથ્થર પર કોતરેલા આ શબ્દો બતાવે છે કે શાસન કેવી રીતે કરવું જોઈએ.

"આપણે કેવળ પોતાના ધર્મનું (સંપ્રદાયનું) સમ્માન કરીને બીજાના સંપ્રદાયોની નિંદા નહીં કરવી જોઈએ." આજે આ સંદેશનું બહુ મોટું મહત્વ છે. બીજાના સંપ્રદાયની નિંદા કરીને પોતાના સંપ્રદાયની સર્વોત્તમતા સિદ્ધ કરવામાં વ્યક્તિ માનવતાને માટે બહુ મોટી મુશ્કેલી ઉભી કરે છે. આગળ અશોક કહે છે, "આ ઉપરાંત અન્ય કારણસર બીજા સંપ્રદાયોનું સન્માન કરવું જોઈએ." દરેક સંપ્રદાયનો સાર મૈત્રી, કરુણા અને સદભાવના છે. આ સારને સમજીને આપણે દરેક ધર્મનું

સન્માન કરવું જોઈએ. છાલ હંમેશા ભિન્ન હોય છે -- જુદાજુદા રીત-રીવાજ, કર્મકાંડ, અનુષ્ઠાન, ધારણાઓ વગેરે. એ બધાને લઈને ઝગડવાને બદલે એમની અંદરના સારને મહત્વ આપવું જોઈએ. અશોકના પ્રમાણે, "આમ કરવાથી આપણે પોતાના જ ધર્મની (સંપ્રદાયની) વૃધ્ધિ કરીએ છીએ અને બીજાના ધર્મોની પણ સેવા કરીએ છીએ. આનાથી વિપરીત વ્યવહાર કરવાથી આપણે પોતાના સંપ્રદાયની તો હાનિ કરીએ જ છીએ પણ એની સાથે બીજાના સંપ્રદાયની પણ.

આ સંદેશ આપણને સૌને ગંભીર ચેતવણી છે કે જો કોઈ વ્યક્તિ પોતાના સંપ્રદાયના પ્રતિ અતિ શ્રધ્ધાનો માર્યો બીજાના સંપ્રદાયની નિંદા કરીને એવું વિચારતો હોય કે આમ કરવાથી એ પોતાના સંપ્રદાયની શાન વધારે છે, તો એ પોતાના કૃત્યોથી પોતાના જ સંપ્રદાયની હાનિ કરતો હોય છે.

અંતમાં અશોક સર્વવ્યાપી ધર્મનિયામતાનો સંદેશ પ્રસ્તુત કરે છે. "આપસમાં મળીને રહેવું હિતાવહ છે. ઝગડો નહી કરવો. બીજાના સંપ્રદાયોનો જે ઉપદેશ છે તે દરેક લોકો સાંભળે અને સાંભળવા માટે ઉત્સુક પણ રહે."

જયારે અસ્વીકાર અને નિંદા કરવાના બદલે આપણે દરેક સંપ્રદાયના સારને મહત્વ આપીશું ત્યારે જ સમાજમાં વાસ્તવિક શાંતિ અને સૌમનસ્ય સ્થાપિત થશે.


**સર્વનું મંગળ થાય.**

❖ ❖ ❖

આપની નજીકના વિપશ્યના ધ્યાન કેન્દ્ર વિષે માહિતી મેળવવા


Visit : www.dhamma.org

# સફળતાનો હિમખંડ




લોકો આ જોઈ શકે
સફળતા
લોકો આ ન જોઈ શકે
નિષ્ફળતા
TEST
F
સખત મહેનત
ભય
સમર્પણ
ત્યાગ
સમય સૂચકતા
નિરાશા
સારી આદતો

# 7 ગોલ્ડ મેડલ




1972ની સાલમાં પશ્ચિમ જર્મનીના મ્યુનિક ખાતે વિશ્વ ઓલમ્પિક રમાઈ રહી હતી. વિશ્વભરથી 7170 એથલેટસ પોત પોતાના સપનાઓ સાથે આવ્યા હતા. માર્ક સ્પીટ્ઝ પણ આવો જ એક એથલેટ હતો. માર્ક સ્પીટ્ઝ સ્વીમીંગની વિવિધ સ્પર્ધામાં ભાગ લઇ રહ્યો હતો. આ ઓલમ્પિકમાં માર્ક સ્પીટ્ઝનો જયજયકાર થઇ ગયો કારણ કે એણે જુદી જુદી 7 સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. સ્વીમીંગમાં 7 ગોલ્ડ મેડલ મેળવનાર વિશ્વનો એકમાત્ર એથલેટ બન્યો હતો. એક પત્રકારે માર્ક સ્પીટ્ઝને કહ્યું , " આજનો દિવસ આપના માટે નસીબવંતો છે. 7 ગોલ્ડમેડલ મેળવીને આજે આપ દુનિયાને આપનો નવો પરિચય આપી રહ્યા છો." પત્રકારની વાત સાંભળીને માર્ક હસવા લાગ્યા. એણે પત્રકારને પોતાની પાસે બોલાવ્યો. માર્ક સ્પીટ્ઝે પત્રકારને કહ્યું , "ભાઇ, આપની વાત સાચી છે કે આજનો દિવસ મારા માટે નસીબવંતો છે પણ આ દિવસ જોવા માટે મેં ચાર વર્ષમાં 10000 કલાકની તરવાની પ્રેકટીસ કરી છે. 1968માં મેક્સિકોમાં રમાયેલી ઓલમ્પિક વખતે મારે માત્ર 2 ગોલ્ડમેડલથી સંતોષ માનવો પડેલો ત્યારે મેં નક્કી કરેલું કે આવતી ઓલમ્પિકમાં હું એવો દેખાવ કરીશ કે દુનિયા મને યાદ રાખે. મેક્સિકોથી મ્યુનિક સુધીની 4 વર્ષની યાત્રામાં એકપણ દિવસની રજા રાખ્યા વગર રોજના સરેરાશ 8 કલાકની તરવાની પ્રેકટીસ કરી છે અને ત્યારે આ નસીબવંતો દિવસ જોવા મળ્યો છે." માર્ક સ્પીટ્ઝ દ્વારા સ્થપાયેલો 7 ગોલ્ડમેડલ મેળવવાનો વિશ્વ વિક્રમ છેક 36 વર્ષ બાદ 2008માં બેઇજીંગ ઓલમ્પિક વખતે માઇકલ ફ્લેપ દ્વારા 8 ગોલ્ડ મેડલ મેળવીને તોડવામાં આવ્યો.


# દડી, પથ્થર, રેતી અને ચોકલેટ



પ્રોફેસર એક કાચની ખાલી બરણી લઈ આવ્યા. તેમાં નાની દડીઓ નાખવાનું કહ્યું. એક વિદ્યાર્થી એ દડીઓ નાખી અને તેને ભરી દીધી. પ્રોફેસરે પૂછ્યું, "આ બરણીમાં હવે વધુ બોલ આવશે કે ભરાઈ ગઈ?" બધાએ જવાબ આપ્યો કે, "પૂરી ભરાઈ ગઈ."



પ્રોફેસર હસ્યાં અને થોડા નાના પથ્થરો તેમાં ભરવાનું કહ્યું. ઘણાબધા નાના પથ્થરો બોલ વચ્ચેના ખાલી સ્થાને પર ભરાઈ ગયા. પ્રોફેસરે પૂછ્યું, "આ બરણીમાં હવે વધુ પથ્થર આવશે કે ભરાઈ ગઈ?" બધાએ જવાબ આપ્યો કે, "પૂરી ભરાઈ ગઈ."



પ્રોફેસર ફરી હસ્યાં અને રેતી તેમાં ભરવાનું કહ્યું. રેતી નાના પથ્થરો અને બોલ વચ્ચે ના ખાલી સ્થાને પર ભરાઈ ગઈ. પ્રોફેસરે પૂછ્યું, "આ બરણીમાં હવે વધુ આવશે કે ભરાઈ ગઈ?" બધાએ એક સાથે જવાબ આપ્યો કે, "પૂરી ભરાઈ ગઈ!"



પ્રોફેસર ફરી હસ્યાં અને ચોકલેટ મિલ્ક તેમાં ભરવાનું કહ્યું. રેતી, નાના પથ્થરો અને બોલ વચ્ચે ના ખાલી સ્થાને પર તે ભરાઈ ગયું. પ્રોફેસરે પૂછ્યું, "આ બરણીમાં હવે વધુ આવશે કે ભરાઈ ગઈ?" બધાએ જવાબ આપ્યો કે, "પૂરી ભરાઈ ગઈ!" બધા જ ખડખડાટ હસ્યાં.



પ્રોફેસરે કહ્યું, "હવે..." બધા શાંતીથી સાંભળવા લાગ્યા."આ બરણીને જીવન તરીકે સમજો તો. નાની દડીઓ ખૂબ મહત્વની છે તે તમારા કુટુંબ, બાળકો, મિત્રો અને સ્વાસ્થ્ય છે. જો બધુ જ જતું રહેશે તો આ તમારી સાથે હશે.



જે પથ્થરો છે તે તમારા પૈસા, કારકિર્દી, મકાન, મોટરકાર વગેર છે. આ બધાને થોડું ઓછું મહત્વ આપીએ તો ચાલશે. અને રેતી એ મહત્વ વગરની ચીજો અને કામોને દર્શાવે છે. જે તમે કરો કે ન કરો કશો જ ફરક પડતો નથી.



એક વિદ્યાર્થીએ ઉતાવળા થઈને પૂછ્યું, "ચોકલેટ મિલ્ક શું દર્શાવે છે?" પ્રોફેસર જવાબ આપે છે, "બધુ જ કર્યા પછી પણ સુખ માટે સ્થાન તો છે જ! ખૂબ ખુશ રહો અને શાંતિમય જીવન જીવો."

❖ ❖ ❖

ગરીબોના બાળકોને જમવા પણ નથી મળતું આ તહેવાર પર,
એટલે ભગવાન પોતે જ વેચાય જાય છે બજારમાં!

# એક કપ દૂધ

“સર એક કપ દૂધ મળશે?” એક વર્ષના બાળકની માતાએ થ્રી સ્ટાર હોટલના મેનેજરને પૂછ્યું.

મેનેજર : “હા, ૧૦૦ રૂપિયામાં મળશે.”

“ઠીક છે. આપી દો.” : મહિલાએ ઠાવકાઈથી કહ્યું.

બપોરે ફરવા નીકળ્યા હતા ત્યાં બાળકને ફરીથી ભૂખ લાગી. ડ્રાઈવરે મોટર રસ્તા પર આવેલી ચાની કીટલી પાસે ઊભી રાખી. તે ચાની કીટલીનો માલિક એક ગરીબ ડોસો હતો માથે છાપરું પણ ન હતું. મહિલાને વિચાર આવ્યો, અહીં દૂધ ચોખ્ખું તો હશે ને? હોટલ દૂર હતી એટલે ના છૂટકે બાળકને દૂધ પીવડાવીને શાંત કર્યું.

દૂધના પૈસા પૂછવા પર ઘરડા ચા વાળાએ જવાબ આપ્યો, “બેટી, અમે બાળકના દૂધના પૈસા નથી લેતા, જો સફર માટે વધુ દૂધ જોઈએ તો લેતી જા.”

બાળકની માતાનું મન એક જ સવાલ વારંવાર કરી રહ્યું હતું. પૈસાદાર કોણ, થ્રી સ્ટાર હોટલ વાળો કે આ તૂટેલી ઝૂપડી વાળો?”

મળ્યુ હતું એક જીવન
કોઈના કામમાં આવવા માટે.

પણ સમય વહી રહ્યો છે
કાગળના ટુકડા કમાવવામા.

શું કરીશું આટલા પૈસા કમાઈને?
ના તો કફનમાં “ખિસ્સું” છે અને ના તો કબરમાં “તિજોરી”

અરે યમરાજ તો લાંચ પણ નથી લેતા.
શું કરીશું આવા પૈસા કમાઈને?

# એક રૂપિયો

કેટલાક છોકરાઓ દિલ્હી ફરવા ગયા અને રેલવે સ્ટેશન બહાર એક રિક્ષા ભાડે લીધી. ઓટો રિક્ષા ડ્રાઈવર એક ઘરડો સરદારજી હતો. યાત્રા દરમિયાન છોકરાઓને મસ્તી સુઝી, એક પછી એક મિત્ર સરદારજી ઉપર જોક્સ કહેવા લાગ્યા. તેમનો ઉદ્દેશ્ય આ સરદારજી ને ચીડવવાનો હતો પરંતુ તે સરદારજી જોક્સ ઉપર તેમની સાથે હસતો હતો. સાંજે ફરીને જ્યારે તેઓ પરત ફરે છે ત્યારે સરદારજીને છોકરાઓ નિર્ધારિત ભાડું આપે છે. સરદારજી પ્રેમથી દરેક છોકરાને એક એક રૂપિયો આપે છે.

એક છોકરો સરદારજીને પૂછે છે કે, “અમે તમારી કોમના લોકો પર જોક કહ્યાં. તમે ગુસ્સે થવાને બદલે અમારી સાથે હસતાં હતાં, અને જ્યારે જુદા પડીએ છીએ ત્યારે તમે પ્રેમથી એક રૂપિયો પણ આપ્યો! આવું કેમ?”

સરદારજી બોલ્યા, “તમે જુવાન છો આ દુનિયામાં નવા છો. તમે મસ્તી નહીં કરો તો કોણ કરશે? પણ મેં તમને એક-એક રૂપિયો એટલે આપ્યો છે કે જ્યારે તમે તમારા ગામ પાછા જાવ ત્યારે તે એવા સરદારજી ને આપજો કે જે રસ્તા પર ભીખ માગતો હોય.” બે વર્ષ થઈ ગયા, એક રૂપિયાના સિક્કા છોકરાઓના ખિસ્સામાં જ પડ્યા છે, તેમના ગામમાં એક પણ સરદારજી ભીખ માંગતો નજરે નથી ચઢ્યો.

❖ ❖ ❖

કોઈએ મહાવીરને પૂછ્યું, “ઝેર શું છે?”
ભગવાન મહાવીરે જવાબ આપ્યો,
“જે વસ્તુ જીવનમાં જરૂર કરતાં વધુ હોય તે ઝેર બની જાય છે.”



# કુટુંબનો સાથ

કોઈને દુઃખી કરી આપ કશું પણ જીતી શકો છો, પરંતુ તેમ કરવાથી આપે તે વ્યક્તિ ચોક્કસ ગુમાવવી પડશે.

# એક પિતા

બહુ જ ગુસ્સામાં હું ઘરેથી નીકળી ગયો.

ગુસ્સો એટલો હતો કે ભૂલથી પપ્પાના જૂતા પહેરીને નીકળી ગયો, હું આજે ઘર છોડી જ દઈશ, અને જ્યારે બહુ મોટો માણસ બનીને  જ પાછો આવીશ.

જ્યારે મોટર સાઈકલ નથી આપવી શકતા, તો કેમ એંજીનિયર બનાવવાનું સપનું બતાવે છે.

આજે મેં પપ્પા નું પાકીટ પણ લઈ લીધું છે. તે તો મને આ પાકીટ ને હાથ પણ લાગવા નહોતા દેતા.

મને ખબર છે કે આ પર્સમાં ચોક્કસ પૈસા ના હિસાબ ની ડાયરી હશે.
ખબર તો પડે કે કેટલો માલ છુપાવ્યો છે.
મા થી પણ.
એટલે જ કોઈને પણ હાથ લગાવવા નહોતા દેતાં.

જેવો હું કાચા રસ્તાથી પાકા રોડ પર આવ્યો, મને લાગ્યું કે કઈક ખૂંચે છે.

મેં જુતુ કાઢીને જોયું.
મારી એડીમાંથી લોહી વહી રહ્યું હતું.

જૂતાની કોઈ ખીલી નીકળી ને બહાર આવી હતી, દૃ:ખ સાથે ગુસ્સો પણ બહુ જ હતો.

અને મારે તો ઘર છોડીને જવું હતું.
મારા બીજા પગમાં ભીનું ભીનું લાગ્યું, ફૂટપાથ પર પાણી ઢોલાયેલું હતું.
પગ ઊંચો કરીને જોયું તો જૂતાનું તળ્યું તૂટેલું હતું.

જેમ તેમ લંગડાતો બસ સ્ટોપ પર પહોચ્યો, ખબર પડી કે એક કલાક સુધી કોઈ બસ નહોતી.

મેં વિચાર્યું કે પપ્પાના પાકીટ ખોલીને જોવા દે.

મેં પાકીટ ખોલ્યું, એક કાપલી મળી, લખ્યું હતું.

લેપટોપ ખરીદવા માટે ૪૦ હજાર ઉધાર લીધા.
પણ લેપટોપ તો ઘરમાં મારી પાસે છે!

બીજું એક વાળેલું કાગળ જોયું, તેમાં તેમની ઓફિસ ના હોબી ડેનું લખ્યું હતું.

તેમણે લખ્યું હતું કે સારા જૂતાં પહેરવા.
ઓહ, જૂતાં પહેરવા ?
પણ તેમના જૂતાં તો ....!!!

મા છેલ્લા ચાર મહિનાથી દર પહેલી તારીખે કહે છે કે નવા જૂતાં લઈ લો.
અને તે દર વખતે કહેતા, “હજુ તો ૬ મહિના આ જૂતાં ચાલશે.”

ત્રીજી કાપલી

જૂનું સ્કૂટર આપો, એક્સ્ચેંજમાં નવી મોટર સાઇકલ લઈ જાઓ.
વાંચતાં જ મગજ ફરી ગયું.
પપ્પાનું સ્કૂટર...

હું ઘર તરફ દોડ્યો.
હવે પગમાં તે ખીલી નહોતી વાગતી.
હું ઘર પહોચ્યો.

ન પપ્પા હતાં અને ન તો સ્કૂટર.

ઓહહ, નહીં.
હું સમજી ગયો તે ક્યાં ગયા છે.
હું દોડ્યો.
અને
મોટર સાઇકલ ના શોરૂમ પર પહોચ્યો.

પપ્પા ત્યાં જ હતા.
હું તેમના ગળે લાગ્યો, અને આંસુથી તેમના ખભા ને ભીંજવી નાખ્યો.

ના.. પપ્પા. ના. મારે નથી જોઈતી મોટર સાઇકલ.

બસ તમે નવા જૂતાં લઈ લો. હવે મારે મોટા માણસ બનવું છે.


તે પણ તમારી જેમ.

"મા" એક એવી બેન્ક છે જ્યાં તમે તમારી દરેક ભાવના અને દૂ:ખ જમા કરવી શકો છો. અને "પપ્પા" એક એવું ક્રેડિટ કાર્ડ છે કે જેની પાસે બેલેન્સ ના હોય તો પણ તે આપણા સપના પૂરા કરવાનો તે પ્રયત્ન કરે છે.

હમેશાં તમારા માતા-પિતા ને પ્રેમ કરો.

❖ ❖ ❖

## યમદૂત



એક રાત કઈક અવાજ આવતા મારી આંખો ખૂલી ગઈ. સામે યમદૂત ઊભો હતો.

ગભરાઈને મેં પૂછ્યું, "અહીં શુ કામ છે?"

યમદૂતે કહ્યું કે, "તારી મા ને લેવા આવ્યો છું."

મેં કહ્યું કે,"એક સોદો કરીએ, તું મારી મા ને છોડી મને લઈ જા.

યમદૂતે હસીને કહ્યું, "હું તો તને જ લેવા આવ્યો હતો. તારી મા એ પહેલા સોદો કરી લીધો."

# શું આ શક્ય છે?

ચશ્મા સાફ કરતાં એ વૃદ્ધે પત્નીને કહ્યું..... આપણા સમયે મોબાઇલ ન હતા...!!

હા પણ બરાબર પાંચ ને પંચાવને હું દરવાજે પાણીનો ગ્લાસ ભરીને આવું ને તમે આવતા......

હા મેં ત્રીસ વરસ નોકરી કરી પણ એ નથી સમજી શક્યો કે હું આવતો એટલે તું પાણી લઈને આવતી કે તું પાણી લઈને આવતી એટલે હું આવતો.....

હા યાદ છે, તમે રિટાયર થયા તે પહેલાં ડાયાબીટીસ ન હતો ત્યારે, હું જ્યારે તમને ભાવતી ખીર બનાવતી ત્યારે તમે કહેતા કે આજે બપોરે જ ઑફીસમાં વિચાર આવેલો કે આજે ખીર ખાવી છે.

હા ખરેખર મને ઑફીસથી આવતાં જે વિચાર આવતો એ ઘરે આવીને જોઉ તો અમલમાં જ હોય.....

અને યાદ છે તમને હું પ્રથમ પ્રસૂતિએ મારા પિયર હતી, અને દૂ:ખાવો ઉપડ્યો, મને થયું તમે અત્યારે હોત તો કેટલું સારું.... અને કલાકમાં તો હું સ્વપ્ન જોતી હોઉં એમ તમે આવી ગયા....

હા એ દિવસે મને એમ જ થયું લાવ જસ્ટ આંટો મારી આવું....

ખ્યાલ છે તમે મારી આંખોમાં જોઇ કવિતાની બે લીટી બોલતા....

હા અને તું શરમાઇને આંખો ઢાળી દેતી, એને હું કવિતાની લાઇક સમજતો...

અને હા હું બપોરે ચા બનાવતાં સહેજ દાઝેલી, તમે સાંજે આવ્યા અને ખીસ્સામાંથી બર્નોલ ટ્યુબ કાઢીને મને કહેલું કે લે આને કબાટમાં મૂક......

હા આગલા દિવસે જ ફસ્ટએડ ના બૉક્સમાં ખાલી થયેલી ટ્યુબ જોઇ એટલે ક્યારેક કામ લાગે એમ વિચારીને લાવેલો....

તમે કહો કે આજે છૂટવાના સમયે ઑફીસ આવજે આપણે મુવી જોઇ બહાર

જમીને આવીશું પાછા.....

હા અને તું આવતી ત્યારે બપોરે ઑફીસની રીસેસમાં આંખો બંધ કરી મેં વિચાર્યું હોય એજ સાડી પહેરીને તું આવતી...

( પાસે જઈ હાથ પકડીને) હા, આપણા સમયમાં મોબાઇલ ન હતા, સાચી વાત છે.

પણ આપણે બે હતા...
હા અનુ આજે દીકરો અને એની વહુ એક મેકની જોડે હોય છે... પણ ....
એમને .....
વાત નહી વૉટ્સૅપ થાય છે,
એમને હુંફ નહી ટૅગ થાય છે,
સંવાદ નહી કૉમૅન્ટ થાય છે,
લવ નહી લાઇક થાય છે,
મીઠો કજીયો નહી અનફ્રૅન્ડ થાય છે,
એમને બાળકો નહી પણ કૅન્ડીક્રશ સાગા, ટૅમ્પલ રન અને સબવૅ થાય છે....

........ છોડ બધી માથાકુટ.

હવે આપણે વાઇબ્રેશન મોડ પર છીએ અને આપણી બેટરી પણ એક જ કાપો રહી છે. ક્યાં ચાલી? ચા બનાવવા..અરે હું તને કહેવા જ જતો હતો કે ચા બનાવ. હા અનુ,, હજું હું કવરૅજમાં જ છું, અને મેસૅજ પણ આવે છે.

( બન્ને હસી ને...)..... હા પણ આપણા સમયમાં મોબાઇલ નહોતા.

❖ ❖ ❖

## જનરેશન ગેપ

ત્યારે પિતા ૨૦ રૂપિયા બચાવવા માટે ૨૦ મિનિટ ચાલીની જતા હતા.
અત્યારે પુત્ર ૨૦ મિનિટ બચાવવા માટે ૨૦ રૂપિયા ખર્ચે છે.
અને બંને સમય પ્રમાણે સાચા છે!

# અને સસરા એ જવાબ આપ્યો

એક યુવકના લગ્ન થયા. ઘરમાં નવવધૂ આવી અને ઘર આનંદ ઉલ્લાસથી ગુંજવા લાગ્યું. નવી આવેલી વહુ બધાની ખુબજ સારસંભાળ રાખતી હતી. ઘરના બધા સભ્યો આ નવા સભ્યના આગમનથી આનંદમાં હતા પણ એકમાત્ર યુવાનની માતા થોડી ઉદાસ રહેતી હતી.


યુવકના પિતાને થોડાક દિવસમાં જ ખબર પડી ગઇ કે વહુ આવ્યા પછી એમની પત્ની થોડી ઉદાસ થઇ ગઇ છે. પત્નીની આ ઉદાસીનું કારણ જાણવા માટે એકવાર ઘરમાં કોઇ નહોતું ત્યારે એ ભાઈએ પોતાની પત્નીને પૂછ્યું, " હું જોઇ રહ્યો છું કે વહુના આવ્યા પછી તું થોડી ઉદાસ થઇ ગઈ છે. આ માટે કોઇ ખાસ કારણ ? "

પત્નીએ કહ્યું, "તમે કોઇ નોંધ લીધી. લગ્ન પછી આપણો દિકરો સાવ બદલાઈ ગયો છે. પહેલા એ મારી સાથે બેસીને વાતો કરતો પણ હવે એને મારા માટે ટાઇમ જ નથી ક્યારેક જ વાતો થાય છે. જો એકાદ દિવસની રજા પડે તો વહુને લઇને એના સસરાને ત્યાં જતો રહે છે. મારા કરતા તો એની સાસુ સાથે હવે વધારે વાતો કરે છે મને એવું લાગે છે કે આપણો દિકરો હવે અડધો એના સસરાનો થઇ ગયો છે. બસ આ બધા વિચારોથી હું સતત બેચેન રહુ છું" પેલા ભાઈએ પોતાની પત્નીનો હાથ પોતાના હાથમાં લઇને કહ્યું, "તારી વાત બિલકુલ સાચી છે. હવે આપણો દિકરો પુરેપુરો આપણો નથી રહ્યો. પણ મારે તને એક વાત પુછવી છે. તને એવું લાગે છે કે આપણી વહુએ આ ઘરમાં આવીને ઘરનું વાતાવરણ બગાડી નાખ્યું છે?" છોકરાની મમ્મી બોલી, "ના બિલકુલ નહીં, એ તો સ્વભાવની બહુ સારી છે મારું અને તમારું બહુ સારુ ધ્યાન રાખે છે."



છોકરાના પપ્પાએ હસતા હસતા કહ્યું, “ગાંડી કોઈ બીજાની દિકરી પૂરેપૂરી આપણી થઇ જતી હોય તો પછી આપણો દિકરો અડધો એનો કે એના માતા-પિતાનો થાય એમાં આમ ઉદાસ થોડું થવાનું હોય?”

# થોમસ



એક દિવસ થોમસ ઘર પર આવી તેની માને એક કાગળ આપીને બોલ્યો, "મારા શિક્ષકે મને આ પત્ર આપ્યો અને કહ્યું કે હું તને આપું." તે પત્ર વાંચતાં જ માતાની આંખોમાંથી આસું નીકળી ગયા. જ્યારે થોમસે પૂછ્યું કે, "શું વાત છે?" માતા એ જવાબ આપ્યો, "તમારો પુત્ર પ્રતિભાશાળી છે. આ શાળા તેના માટે બહુ નાની છે. અમારી પાસે તેને શીખવાડી શકે તેવા શિક્ષકો નથી. આપ સ્વયં જ તેને શિક્ષણ આપો તો વધુ સારું."

ઘણા વર્ષ બાદ થોમસ એડીસન શતાબ્દીનો સૌથી મોટો સંશોધક બન્યો. થોમસની માતા થોડા સમય બાદ આ દુનિયામાંથી વિદાય લીધી. થોમસ એક દિવસ જૂની ચીજો જોતા હોય છે ત્યારે તેમણે એક વાળેલો કાગળ મળ્યો. કાગળમાં લખ્યું હતું કે, "તમારો પુત્ર માનસિક રીતે વિકલાંગ છે. અમે તેને હવે શાળાએ આવવાની પરવાનગી આપતા નથી."

એડીસન કલાકો સુધી રડ્યો અને તેની ડાયરીમાં લખ્યું કે, "થોમસ અલ્વા અડિસન એક શક્તિશાળી માતાનો માનસિક વિકલાંગ પુત્ર હતો. કે જેને શતાબ્દિનો સૌથી પ્રતિભાશાળી વ્યક્તિ બનાવવામાં આવ્યો."

❖ ❖ ❖

## સાંસ્કૃતિક તફાવત

જો અમેરીકામાં વીજળી જાય તો તેઓ વીજળી કંપનીમાં ફોન કરશે.
જાપાનમાં પોતાના ઘરનો ફ્યૂસ ચેક કરશે.
અને ભારતમાં એવું થશે તો પાડોસીને પૂછશે કે,
તેમને ત્યાં વીજળી છે કે નહીં. જો તેમને ત્યાં પણ નથી તો ઠીક છે!

# પહેલી બંક

તે દિવસે નિષ્કા થોડી ઢીલી હતી. ઢીંગલીઘર મૂકવા જતો હતો ત્યારે તે મોટરમાં ગુમસુમ બેઠી હતી. મેં જોયું કે, દીકરી મૂડમાં નથી. મેં પૂછ્યું, "નિષ્કા શું થયું?" કઈ જવાબ ના આવ્યો. વળી મેં પૂછ્યું, "ઝૂમાં જવું છે?" નિષ્કા હસીને બોલી, "હા." સવારના સવા નવા વાગ્યા હતા. મોટર ગાંધીનગર તરફ હંકારી. બંને ઇન્દ્રોડા પાર્કમાં ગયા અને ખૂબ મજા કરી.

અગિયાર વાગે મેં નિષ્કાની મમ્મીને ફોન કરી ને કહ્યું કે,"નિષ્કા ને લેવા નહી જતાં." "કેમ તમે લઈ આવશો?" મેં કહ્યું કે, "અમે બંને એ બંક મારી છે. નિષ્કા એ સ્કૂલ થી અને મેં ઓફિસ થી.અમે બંને ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં છીએ. આવીશું એકાદ બે કલાકમાં." સામેથી અવાજ આવ્યો, "મમ્મી, મૌલિક નિષ્કા ને લઈ ને ગાંધીનગર પહોચી ગયા. આપણ ને તો ખબર પણ નથી..."

ખબર પડી કે, નિષ્કાની મમ્મી ને બંક માર્યાની વાત હજમ ના થઈ. આવા બંક અમે વધુ બે વાર માર્યા. વર્ષ પૂરું થયું નિષ્કાનું પ્રગતિ પત્રક લેવા અમે ઢીંગલીઘર પર ગયા. અમને રિઝલ્ટની ચિંતા ના હતી. અમે શિક્ષણને એક પ્રવાસ સમજીએ છીએ, તેને માણવાનો હોય. તે વિકાસમાં મદદરૂપ હોઈ શકે. પણ ધ્યેય તો ક્યારે પણ નહી.

નિષ્કાનું રિજલ્ટ ૯૬% હતું. મેં કહ્યું, જોયું બંક નું પરિણામ!

અમે જ્યારે પણ બંક મારી ત્યારે નિષ્કાને અભ્યાસ અનુરૂપ જગ્યા એ જ ગયા અને પ્રકટીકલ અનુભવો કર્યો. તેથી નિષ્કા પણ આ અભ્યાસને માણી શકી. અને અમે દબાણ વગર રિજલ્ટ મેળવી શક્યા.

આપણે એક વાત યાદ રાખવા જેવી છે. બાળક પણ એક મનુષ્ય છે. તેને પણ લાગણીઓ છે. ભવિષ્ય કે અભ્યાસની આડમાં આપણે બાળકને ગુલામ બનાવી દઈએ તેવું બનતું હોય છે. આનાથી બચવા જેવુ છે. વિકાસ સુખી જીવનમાં છે, ગુલામીમાં નહીં. ગુલામો ક્યારે પણ યુધ્ધ જીતી શકતા નથી.

# ના આવડે તો, તમે શું કરો?

નિષ્કા મોટી થતાં અમારે તેને બીજી શાળામાં બેસાડવી પડી. બીજી શાળા બહુ જ સિસ્ટેમેટીક. શિક્ષણ પધ્ધતિ તો શ્રેષ્ઠ જ, સાથે સાથે મેનેજમેંટ, આચાર્યા અને શિક્ષકો પણ સારા હતા. નિષ્કા તો ખુશ હતી જ. એક દિવસ અમે શિક્ષકોને મળવા શાળા પર ગયા અને નિષ્કાને પણ સાથે લઈ ગયા. નિષ્કાને સાથે લઈ જવા પાછળ મારો એક ઉદ્દેશ્ય હતો કે નિષ્કા અને શિક્ષિકા સાથે હોય તો બંનેનું વર્તન કેવું હોય છે તે જોવું. દરેક શિક્ષકે નિષ્કાની પ્રગતિ વિષે માહિતી આપી. દરેક શિક્ષિકા ખુશ હતી. નિષ્કા પણ દરેક શિક્ષિકા સાથે હસીને બોલતી હતી. એક શિક્ષિકા એ કહ્યું, નિષ્કા આખી એ બી સી ડી માંથી પાંચ ને નથી ઓળખતી. તમે ઘર પર થોડી પ્રેક્ટિસ કરવો. શિક્ષિકાની બોડી લેંગવેજ જોઈને લાગ્યું કે, શિક્ષિકા વ્યકિત તરીકે તો સારા લાગે છે. શિક્ષિકા તરીકેનું લેવલ પણ છે. પરંતુ અત્યારે તે એ બી સી ડી ના ૧૯ કેરેક્ટર આવડે છે તેવું નથી જોતાં! અને માત્ર ૫ નથી આવડતા પર જ ભાર આપે છે. ચહેરો પણ તંગ છે. મેં નિષ્કાની સામે જોયું તો, તે નીચે જોઈ ગઈ હતી. તે આંખો મિલાવતી ના હતી. તે ડરતી હતી. મને પરિસ્થિતિ સમજતાં વાર ન લાગી કે શિક્ષિકા બાળકોને પ્રોત્સાહિત કરવાને સ્થાને કશુંક ન આવડે તો અકળાય છે. મને લાગ્યું કે, આમને મદદની જરૂર છે. મેં મારો પરિચય વિસ્તારથી આપ્યો અને પૂછ્યું, "જ્યારે નિષ્કાને કશુંક ના આવડે તો તમે શું કરો?"

શિક્ષિકાએ આ પ્રશ્નની કલ્પના પણ નહોતી કરી. તે થોડા હેબતાઈ ગયા. એક જ ક્ષણ બાદ તેમની આંખમાં એક ચમકારો મેં જોયો. મુખ પર રેખાઓ બદલાઈ. તે સ્વસ્થ થઈ ને બોલ્યા, "હું તે સુધારીશ. હવે તે વિષે ધ્યાન રાખીશ." તેમને થોડી શરમ પણ હતી. મારો ઉદ્દેશ્ય તેમને ઉઘાડા પાડવાનો કે દૂ:ખી કરવાનો ન હતો. મેં જોયું કે તેમના મન પરથી આવરણ હટયું. હવે ચિંતા કરવાની જરૂર ન હતી. અમે ત્યાથી તરત જ રવાના થયા. પાંચેક દિવસ પછી નિષ્કાની મમ્મીએ મને સમાચાર આપ્યા કે નિષ્કાને હવે આખી એ બી સી ડી આવડે છે! મને સંતોષ થયો, માત્ર નિષ્કાને એ બી સી ડી આવડી જવાનો જ નહી, શિક્ષિકાની પધ્ધતિમાં પરિવર્તન થયાનો પણ!

# તાળું, ચાવી અને હથોડી !

તાળાની ચાવીઓ બનાવનાર એક દુકાનમાં એકદિવસ હથોડી અને ચાવી નવરા પડ્યા. ઘણા સમય પછી આજે નવરાશ હતી એટલે બંને વાતોએ વળગ્યાં. હથોડી થોડી નિરાશ હોય એવું લાગ્યું એટલે ચાવીએ એનું કારણ પૂછ્યું.

હથોડીએ કહ્યું, "યાર મને એ જવાબ આપ કે આપણા બંનેમાંથી વધુ શક્તિશાળી અને મોટું કોણ છે?" ચાવીએ તો તુંરત જ જવાબ આપ્યો, "આપ જ મારા કરતા મોટા અને શક્તિશાળી છો. હું તો સાવ નાનકડી છું અને મારામાં લોખંડ પણ બહુ ઓછુ વપરાયુ છે."

હથોડીએ કહ્યું, "હું તારા કરતા મોટી અને શક્તિશાળી હોવા છતાંય તું જેટલી સરળતાથી તાળાને ખોલી શકે છે એટલી સરળતાથી હું કેમ તાળું ખોલી શકતી નથી? હું તો કેટલી વાર સુધી મહેનત કરું ત્યારે માંડ તાળું તૂટે અને ઘણીવાર તો ગમે એટલી મહેનત પછી પણ તૂટતું નથી."

ચાવીએ હથોડીની સામે સ્મિત આપીને કહ્યું, "દોસ્ત, તું તાળાને ઉપરના ભાગે મારે છે અને હું તાળાની અંદર જઇને પ્રેમથી એના હ્રદય પર મારો હાથ ફેરવું છું એટલે એ ખટ્‌ક દઇને બહુ સરળતાથી ખૂલી જાય છે.

એક મહત્વની વાત એ છે કે, તું તાળરૂપી હ્રદયને તોડે છે. હું તેને ખોલું છું."

મિત્રો, લોકોને ખોલવા હોય તો બહારના પ્રયાસો કરવાથી ન ખૂલે એ માટે એની અંદર જઇને(એને પુરી રીતે સમજીને) એના હ્રદયને પ્રેમથી સ્પર્શવામાં આવે તો ગમે તેવા માણસનું હ્રદય પણ તાળાની જેમ સરળતાથી ખુલી જાય છે.

એક બહેને તેના નાના ભાઈ ને પૂછ્યું, "દાદીમાને જન્મદિવસ પર શું ભેટ આપીશ?" ભાઈએ જવાબ આપ્યો, "એક ફૂટબોલ."
બહેને કહ્યું, "દાદીમા તો ફૂટબોલ ક્યારે પણ રમતા નથી!"
ભાઈએ કહ્યું, "મારા જન્મદિવસ પર તેમણે મને ગીતા ભેટ આપી હતી!"

# એક રોટલી!

એક દિવસ હું મારા એક મિત્ર સાથે તત્કાલ કેટેગરીમાં પાસપોર્ટ બનાવવા અમદાવાદ પાસપોર્ટ ઓફીસ ગયો હતો.

લાઈનમાં ઊભા રહીને અમે પાસપોર્ટનું તત્કાલ ફોર્મ ભર્યું. ઘણો સમય થઇ ગયો હતો, હવે અમારે પાસપોર્ટની ફી જમા કરવાની હતી. જેવો અમારો નંબર આવ્યો કે તરત જ ઓફિસર સાહેબે બારી બંધ કરી દીધી અને કહ્યું કે ટાઇમ પૂરો થઇ ગયો છે હવે કાલે આવજો.

મેં સાહેબને ખૂબ આજીજી કરી, કહ્યું અમે ખૂબ દૂરથી આવ્યા છીએ, અમે આખો દિવસ આ કામમાં ખરચ્યો છે અને હવે માત્ર ફીઝ ભરવાની બાકી રહી ગઈ છે. મહેરબાની કરીને આ ફી જમા કરી લો.

ઓફિસર તો ગુસ્સે થઇ ગયા.

બોલ્યા: તમે આખો દિવસ ખરચ્યો તો એના માટે શું હું જવાબદાર છું?

અરે સરકારને કહો કે વધારે ઓફિસર ની ભરતી કરે.

હું તો સવારથી મારું કામ જ કરી રહ્યો છું!!

ખેર, મારો મિત્ર ઉદાસ થઈને બોલ્યો, ચાલ હવે કાલે આવીશું..

મેં એને રોકીને કહ્યું, ઊભો રહે, ફરી એકવાર કોશિશ કરી જોઉં.

ઓફિસર સાહેબ પોતાનો થેલો લઈને કેબીનમાંથી બહાર ગયા, હું કશું બોલ્યો નહિ, ચુપચાપ એમની પાછળ ગયો. એ એક કેન્ટીનમાં ગયા અને થેલામાંથી પોતાનું લંચ-બોક્ષ કાઢીને ધીમે ધીમે એકલા ખાવા લાગ્યા.

હું એમની સામેની બેચ પર જઈને બેઠો. મેં કહ્યું તમારી પાસે તો ખૂબ કામ છે, રોજ નવા નવા લોકોને મળવાનું થતું હશે. એમને કહ્યું હા, હું રોજ મોટા મોટા અધિકારીઓ ને મળું છું, કોઈ આઈ.એ.એસ, કોઈ આઈ.પી.એસ, વિધાયક નેતા

બધા અહીં આવે છે. મારી ખુરશીની સામે મોટા મોટા લોકો રાહ જોવે છે.

પછી મેં એમને પૂછ્યું તમારી પ્લેટ માંથી એક રોટલી હું પણ ખાઈ લઉં?

એમને 'હા' કહ્યું, હું પ્લેટમાંથી એક રોટલી ઉઠાવીને શાક જોડે ખાવા લાગ્યો.

મેં ખાવાના વખાણ કરતા કહ્યું તમારી પત્ની ખૂબ સ્વાદિષ્ટ જમવાનું બનાવે છે. મેં એમને કહ્યું, સાહેબ તમે ખૂબ મહત્વપૂર્ણ સીટ પર બેઠા છો, મોટા-મોટા લોકો તમારી પાસે આવે છે. પણ શું તમે તમારી ખુરશીની ઈજ્જત કરો છો?

તમે ખૂબ ભાગ્યશાળી છો કે તમને આટલી મહત્વની જવાબદારી મળી છે, પણ તમે તમારા કામની ઈજ્જત નથી કરતા.

એમણે મને પૂછ્યું: એવું તમે કેવી રીતે કહી શકો?

મેં કહ્યું: જો તમે તમારા પદની ઈજ્જત કરતા હોત તો તમે આવા રુષ્ટ અને ક્રોધી સ્વભાવ વાળા ન હોત.

જુવો તમારો કોઈ મિત્ર પણ નથી, તમે રોજ કન્ટીનમાં એકલા જમો છો. તમારી ખુરશી પર પણ ઉદાસ થઇને બેસો છો. લોકોનું થતું કામ પૂરું કરવાની જગ્યાએ અટકાવવાની કોશિશ કરો છો.

બહારગામથી આવી સવાર થી હેરાન થતા લોકોની વિનંતી ઉપર કહો છો કે સરકાર ને કહો કે બીજા ઓફિસરોની ભરતી કરે?

અરે બીજા ઓફિસરો વધવાથી તમારુ જ મહત્વ ઘટશે, અને કદાચ તમારી પાસેથી આ કામ પણ છીનવાઈ જાય.

ભગવાને તમને તક આપી છે સબંધો બનાવવાની. પણ તમારું દુર્ભાગ્ય જુઓ, તમે એનો લાભ લેવાની જગ્યાએ સબંધો બગાડી રહ્યા છો.

અમારું શું છે? કાલે આવી જઈશું કે પરમ દિવસે આવી જઈશું, પણ તમારી પાસે તો મોકો હતો કોઈને ઋણી બનાવવાનો, તમે એ પણ ચૂકી ગયા.

મેં કહ્યું પૈસા તો ખૂબ કમાઈ લેશો પણ સબંધો નહિ કમાઓ તો બધું બેકાર છે.

શું કરશો પૈસાનું?

તમારો વ્યહવાર ઠીક ન રાખો તો તમારા ઘરવાળા પણ તમારાથી દુઃખી રહેશે. મિત્રો તો પહેલેથીજ નથી...

મારી વાત સાંભળીને ઓફિસર સાહેબ રડવા જેવા થઇ ગયા.

બોલ્યા કે, "તમે વાત સાચી કહી સાહેબ, હું ખૂબ એકલો છું. પત્ની ઝઘડો કરી પિયર જતી રહી છે, છોકરાઓ પણ મને પસંદ નથી કરતા. મા છે પણ એ પણ ખાસ વાત નથી કરતી. સવારે ચાર પાંચ રોટલી બનાવીને આપે છે અને હું એકલો એકલો ખાઈ લઉં છું. રાત્રે ઘરે જવાનું પણ મન નથી થતું.ખબર નથી પડતી કે ગડબડ ક્યાં છે?"

હું ધીમેથી બોલ્યો, "પોતાની જાતને બીજા સાથે જોડો. કોઈની મદદ થઇ શકતી હોય તો કરો. જુઓ હું અહીં મારા મિત્ર ના પાસપોર્ટ માટે આવ્યો છું. મારી પાસે તો પાસપોર્ટ છે. મારા મિત્ર માટે મેં તમારી જોડે આજીજી કરી, વિનંતી કરી. નિસ્વાર્થ ભાવે. માટે મારી પાસે મિત્ર છે, તમારી પાસે નથી."

તેઓ ઊભા થયા અને મને કહ્યું, તમે મારી કેબીનમાં આવો. હું આજે જ ફી જમા કરીશ. અને એમણે કામ કરી દીધું.

ત્યાર બાદ એમણે મારો ફોન નંબરમાંગ્યો અને મેં નંબર આપી દીધો.

થોડાક વર્ષો વીતી ગયા...

એક દિવાળી ઉપર એક ફોન આવ્યો.

તમારો મિત્ર બોલું છું સાહેબ.

તમે મારી પાસે તમારા કોઈ મિત્ર નો પાસપોર્ટ બનાવવા આવ્યા હતા અને તમે મારી જોડે બેસીને રોટલી પણ ખાધી હતી.

તમે કહ્યું હતું કે પૈસાની જગ્યાએ સબંધ બનાવો. મને એકદમ યાદ આવી ગયું. મેં કહ્યું હાજી  સાહેબ, કેમ છો?

એમને કહ્યું સાહેબ તમે એ દિવસે જતા રહ્યા પછી મેં ખૂબ વિચાર્યું.

મને લાગ્યું કે પૈસા તો ઘણા લોકો આપી જાય છે પણ જોડે બેસીને જમવા વાળું કોઈ નથી મળતું.

સાહેબ, હું બીજા જ દિવસે મારી સાસરીએ ગયો અને ખૂબ પ્રાર્થના કરીને પત્ની ને ઘરે લાવ્યો. એ માનતી જ નહતી, જયારે એ જમવા બેઠી તો મેં એની પ્લેટ માંથી રોટલી લઇને કહ્યું, સાથે જમાડીશ?

એ દંગ રહી ગઈ. રોવા લાગી.
મારી સાથે ચાલી આવી.
છોકરાઓ પણ સાથે આવ્યા.
સાહેબ હવે હું પૈસા નથી કમાતો,
સબંધ કમાઉ છું.
જે આવે છે એનું કામ કરી આપું છું.
સાહેબ આજે તમને હેપ્પી દિવાળી કહેવા માટે ફોન કર્યો છે.
આવતા મહીને મારી દીકરીના લગ્ન છે.
તમારે સહ-પરિવાર આવવાનું છે, દીકરી ને આશીર્વાદ આપવા.
સબંધ જોડ્યો છે તમે...
એ બોલતાં રહ્યા,
હું સાંભળતો રહ્યો.

વિચાર્યું નહોતું કે સાચ્ચે જ એમના જીવનમાં પણ પૈસા ઉપર સંબંધો ભારે પડશે..

❖ ❖ ❖

# ચોરી અને પ્રાયશ્ચિત



મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થયો. અમારી પાસે પૈસા ન મળે. બીડી પીવામાં કંઇ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ બેમાંથી એકેને નહોતું લાગ્યુ, પણ કેવળ ધૂમાડો કાઢવામાં જ કંઇક રસ છે એવુ લાગેલુ. મારા કાકાને બીડી પીવની ટેવ હતી, ને તેમને તથા બીજાને ધૂમાડા કાઢતા જોઇ અમને પણ ફૂંકવાની ઇચ્છા થઇ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠાં કંઇ દરવખતે મળી ન શકે, અને તેમાંથી બહુ ધૂમાડોયે ન નીકળે. એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડી ને અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી કયાં એ સવાલ થઈ પડયો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહી એ ખબર હતી. જેમતેમ કરી બેચાર દોકડા ચોરીને થોડા અઠવાડિયાં ચલાવ્યું. દરમિયાન સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભૂલી ગયો છું) થાય છે, તેની ડાંળખી બીડીની જેમ સળગે છે, ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા !

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધિનતા અમને સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કંઇ જ ન થાય એ દુઃખ થઇ પડયું. અમે કંટાળ્યા ને અમે તો

આપઘાત કરવાનો નિશ્ચય કર્યો !

પણ આપઘાત કઇ રીતે કરવો ? ઝેર કોણ આપે ? અમે સાંભળ્યું કે ધતૂરાના ડોડવાનાં બી ખાઇએ તો મૃત્યુ નીપજે. અમે વગડામાં જઇ તે મેળવી આવ્યા. સંધ્યાનો સમય શોધ્યો. કેદારજીને મંદિરે દીપમાળમાં ઘી ચડાવ્યું, દર્શન કર્યાં, ને એકાંત શોધી. પણ ઝેર ખાવાની હિંમત ન ચાલે. તુરત મૃત્યુ નહીં થાય તો ? મરીને શો લાભ ? પરાધીનતા કાં ન ભોગવી છૂટવું ? છતાં બેચાર બી ખાધા બીજા ખાવાની હિંમત જ ન ચાલી. બન્ને મોતથી ડર્યા, અને રામજીને મંદિર જઇ દર્શન કરી શાંત થઇ જવું ને આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો.

હું સમજયો કે આપઘાતનો વિચાર કરવો સહેલો છે, આપઘાત કરવો સહેલ નથી. આથી જયારે કોઇ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા ઉપર બહુ ઓછી અસર થાય છે, અથવા મુદ્દલ થતી જ નથી એમ કહું તો ચાલે.

આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે અમે બન્ને એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઇ ફૂંકવાની ટેવ ભૂલી જ ગયા. મોટપણે બીડી પીવાની ઇચ્છા જ મને કદી નથી થઇ, અને એ ટેવ જંગલી, ગંદી ને હાનીકારક છે એમ મેં સદાય માન્યું છે. બીડીનો આટલો જબરદસ્ત શોખ દુનિયામાં કેમ છે? એ સમજવાની શકિત હું કદી મેળવી શકયો નથી. જે આગગાડીમાં ડબામાં ઘણી બીડી ફૂંકાતી હોય ત્યાં બેસવું મને ભારે થઇ પડે છે ને તેના ધૂમાડાથી હું ગૂંગળાઇ જાઉં છું.

બીડીઓના ઠૂંઠાં ચોરવા ને તેને અંગે ચાકરના દોકડા ચોરવા એ દોષના કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી થયો તેને હું વધારે ગંભીર ગણું છું. બીડીનો દોષ થયો ત્યારે ઉંમર બારતેર વર્ષની હશે; કદાચ તેથીયે ઓછી. બીજી ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારા માંસાહારી ભાઇના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ

કેમ પતાવવું? એનો અમે બન્ને ભાઇ વિચાર કરતા હતા. મારા ભાઇને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું.

કડું કપાયું. કરજ ફીટયું. પણ મારે સારુ આ વાત અસહ્ય થઇ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઇએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો. તેમણે કોઇ દિવસ અમને એકે ભાઇને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી. પણ પોતે દુઃખી થશે, કદાચ માથું ફૂટશે તો ? એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઇએ, તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું.

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી, ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા તેમને ભગંદરનું દરદ તો હતું જ. તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની પાટ વાપરતા.

તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપકયાં. ચિઠ્ઠી ભીંજાઇ. તેમણે ક્ષણવાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા.


હું પણ રડયો. પિતાજીનું દુઃખ સમજી શકયો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું. એટલું તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે :

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.

મારે સારુ આ અહિસાનો પદાર્થપાઠ હતો. તે વેળાં તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું. પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકુ છું. આવી અહિંસા જયારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે ? એવી વ્યાપક અહિંસાની શકિતનું માપ કાઢવું અશકય છે.

આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તે ક્રોધ કરશે. કટુ વચન સંભળાવશે, કદાચ માથું ફૂટશે, એવું મેં ધાર્યું હતુ;. પણ તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું. જે માણસ અધિકારી આગળ, સ્વેચ્છાએ, પોતાના દોષનો, નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો, પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત કરે છે. હું જાણું છું કે મારા એકરારથી પિતાજી મારે વિષે નિર્ભય થયા ને તેમનો મહા પ્રેમ વૃદ્ધિ પામ્યો.



-મોહનદાસ કરમચંદ ગાંધી

❖ ❖ ❖

# વ્યાપારની કડીઓ



કોઈ પણ માણસના ઈતિહાસમાં કાળામાં કાળી ક્ષણ એ હોય છે, જ્યારે તે પ્રમાણિક પણે કામકાજ કર્યા વિના પૈસો કેમ કમાવવો તે વિચાર કરવા બેઠો હોય છે.

# દૃષ્ટિકોણ

અમરિકન કમ્પ્યુટર કંપની આઇ.બી.એમ. એ જાપાનમાં કમ્પ્યુટર પાર્ટ બનાવડાવવાનું નક્કી કર્યું. દરેક પાર્ટની વિગતો આપી. માપદંડો નક્કી કર્યા તે મુજબ દર ૧૦,૦૦૦ નંગે માત્ર ત્રણ નંગ જ ઉણપ વાળા સ્વીકારવાનું નક્કી થયું.

સૂચિત સમયે જાપાનીઝ કંપની એ માલ મોકલી આપ્યો. સાથે એક પત્ર પણ હતો. "અમને જાપાનીઝ લોકોને અમેરિકન ધંધાની પધ્ધતિ સમજવામાં ખૂબ જ તકલીફ પડી. પણ જેમ દર્શાવ્યું હતું તેમ જ અમે દર ૧૦,૦૦૦ નંગે ત્રણ ઉણપ વાળા નંગ અલગથી બનાવીને અલગ ખોખમાં મોકલી આપેલ છે. તેની ઉપર લખ્યું છે કે - જરૂરિયાત મુજબ ઉણપ વાળો માલ; તે વેચવા માટે યોગ્ય નથી. અમે ધારીએ છીએ કે આ તમારી જરૂરિયાત પૂરી કરશે."


કેટલાક સ્થાનો પર સંપૂર્ણતા માત્ર આદત જ નહી પરંતુ તે દ્રષ્ટિકોણ હોય છે.

# એક વૈચારિક તફાવત




# એક સફળ લીડર

ભારતે પ્રથમ વખત સ્વદેશી બનાવટ ના " અગ્નિ" મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. મિસાઈલ બનાવનાર ટીમના લીડર તરીકે ડો. એ. પી. જે. અબ્દુલ કલામ સેવા આપી રહ્યા હતા. જ્યારે મિસાઈલનું પરીક્ષણ કરવાની તારીખ નક્કી થઈ ત્યારે સમગ્ર વિશ્વએ આ ઘટનાનો વિરોધ કર્યો પણ ભારતને પોતાની ટેકનોલોજી પર અને વૈજ્ઞાનિકો પર પૂરો વિશ્વાસ હોવાથી બધાના વિરોધ વચ્ચે પણ પરિક્ષણ કર્યું.



જ્યારે મિસાઈલના પ્રક્ષેપણ માટે કમ્પ્યુટરને આદેશ આપી દેવામાં આવ્યો ત્યાર પછીની થોડી જ ક્ષણોમાં કમ્પ્યુટર પર " હોલ્ડ" નો મેસેજ આવ્યો. કલામે પોતાની ટીમને આ બાબતે પૂછ્યું ત્યારે ટીમે કમ્પ્યુટરને બાયપાસ કરીને મેન્યુઅલી પ્રક્ષેપણ માટે સુચન કર્યું. કલામે ટીમના સુચન મુજબનો નિર્ણય લીધો અને પરિણામ એ આવ્યું કે પરિક્ષણ નિષ્ફળ રહ્યું.



પ્રેસ અને મીડીયાવાળા બહાર રાહ જોઇને જ બેઠા હતા. કલામ પ્રેસ કોન્ફરન્સ સંબોધવા માટે બહાર આવ્યા તેની સાથે આ સમગ્ર પ્રોજેક્ટના ચીફ ડો. સતિષ દાવન પણ હતા. જેવા બધા પ્રેસની સામે આવ્યા કે બધાએ માઇક ડો. કલામની સામે ધરી દીધા. ડો. સતિષ દાવને બધા જ માઇક પોતાના તરફ ખેંચી ને કહ્યું, " હું આ સમગ્ર પ્રોજેક્ટનો ચીફ છું અને નિષ્ફળતા માટે જવાબદાર છું. આપને વચન આપું છું કે મારી ટીમ ડો. કલામની આગેવાની હેઠળ વધુ મહેનત કરશે અને અમારી ક્ષતિઓને અમે દૂર કરીશું." કલામ તો જોતા જ રહી ગયા.

ટીમ ફરી કામે વળગી. ક્ષતિ દૂર કરી અને ફરીથી મિસાઈલના પરિક્ષણનો

દિવસ આવ્યો. આ વખતે પરિક્ષણમાં સફળ રહ્યા. બધા ખુબજ આનંદમાં હતા. ભારતે પોતાની અણુ ટેકનોલોજીનો સમગ્ર વિશ્વને પરિચય કરાવ્યો હતો. પ્રેસ અને મીડીયાના લોકો બહાર રાહ જોઇને ઊભા હતા. ડો. સતિષ દાવન ડો. કલામ સાથે મીડીયા સમક્ષ આવ્યા એટલે બધાએ માઇક ડો. દાવનની સામે રાખ્યા. ડો. દાવને હળવેથી ડો. કલામને આગળ કરીને કહ્યું, " કલામ આ પ્રેસ કોન્ફરન્સને તમે સંબોધન કરો."

સફળતાનો યશ પોતાની ટીમને આપે અને નિષ્ફળતાની જવાબદારીઓ પોતાની પાસે રાખે એ જ આદર્શ નેતૃત્વ પૂરું પાડી શકે.

❖ ❖ ❖

# લંચનો એક કલાક

આ વાત છે એક માર્કેટિંગ ટીમ લિડર જોનની. જોન ખૂબ જ મહેનતુ હોવાને કારણે કંપનીના બોસ – વિલ્સનના ધ્યાનમાં હતો. એક સાંજે વિલ્સન દફતરથી ઘરે જતી વખતે જોનને ટેલિફોન પર થોડી મોટેથી વાત કરતાં સાંભળે છે.

જોન : “વિશ્વાસ કરો, તમે જે ઈચ્છો છો તે બધુ જ મેં ક્વોટેશનમાં દર્શાવેલ છે. મારી કંપની આ કામ બહુ જ સરસ રીતે કરી શકશે.... સારું.... ભલે.... તમે..... તમારી કંપની સાથે અમારા લાંબા સમયના સંબંધો છે.... પણ... પણ... સર્વિસમાં અમે અવ્વલ આવીએ છીએ.... સારું... હેવ એ ગૂડ ટાઇમ..”

જોન ટેન્શનમાં હતો. જોનની સામે રવિ – સેલ્સ એક્સિક્યુટિવ બેઠો હતો.

જોન : “જો રવિ, આ ક્વાટરનું સેલ્સ ટાર્ગેટ પૂરું કરવા આ ઓર્ડર બહુ જ જરૂરી છે. આ કસ્ટમર બહુ જ અઘરો છે. થોડી વધુ પ્રાઈસ ક્વોટ કરજે. પાછળથી સર્વિસ વધુ માંગશે.”

રવિ : “પણ સાહેબ તેણે આપણી પ્રોડક્ટનો ડેમો લેવાની પણ ના પડી દીધી છે. તેને વધુ કાર્યક્ષમ મશીનની જરૂર છે.”

જોન : “તેને બે મશીન ખરીદવાનું સમજાવ. માર્કેટિંગ વાળાનું આ જ કામ .”

રવિ : “જી સર!”

રવિ મૂંઝવણ સાથે જોનની કેબિનથી બહાર નીકળે છે. ત્યાં જ જોનને તેની પત્નીનો ફોન આવે છે. જોન : “બોલ શું કામ હતું. હું ઓફિસમાં છું ઘરે આવું એટલે વાત કરજે. અહીં આવી નાની નાની વાતો કરવા ફોન નહીં કરવાનો!” વિલ્સન જોનની કેબિનમાં જાય છે.

જોન : “ગૂડ ઈવનિંગ સર! આપ મારી કેબિનમાં! પ્લીઝ, આવો.”

વિલ્સન : “જોન કેમ છો? બધુ કેવું ચાલે છે?”

જોન : “મજામાં છું સર. સેલ્સ ટાર્ગેટ એચિવ કરવા માટે મહેનત ચાલે છે. માર્કેટ ખૂબ જ અઘરું થતું જાય છે. પણ મેનેજેબલ છે થોડી મહેનત વધુ કરીશું તો

વાંધો નહીં આવે."

વિલ્સન સ્મિત આપી ને ઘરે જવા નીકળી જાય છે. બીજો દિવસ પણ શોર બકોરમાં – તે જ દોડાદોડમાં પસાર થાય છે. બીજા દિવસે સાંજે જોન વિલ્સનને મળવા તેની કેબિનમાં જાય છે.

જોન : "અંદર આવું સર."

વિલ્સન : "આવ જોન. બેસ. શું વાત છે?"

જોન : "સર, આપે આ કંપની બનાવી છે ખૂબ જ મહેનત કરી હશે. તમે આટલું મોટું સામ્રાજ્ય ઊભું કર્યું. મને પણ થોડી ટિપ્સ આપશો?"

વિલ્સન (સ્મિત આપીને) : "શું જાણવું છે? નિ:સંકોચ પ્રશ્ન પૂછ."

જોન : "સર, હું મહેનત તો ખૂબ જ કરું છું. દર વખતે મારે સેલ્સ ટાર્ગેટની પાછળ ભાગવું પડે છે. ટાર્ગેટ મોટા ભાગે એચિવ થઈ જાય છે. પરંતુ ક્યારેક નિરાશા મળે છે."

વિલ્સન : "ગઇકાલનો ઓર્ડર ના મળ્યો ને?"

જોન : "તમે સાચા છો... માત્ર એક જ મિનિટ પહેલા હું ફોન પર વાત કરી ને આવું છું. આ વાત મેં કોઈ ને નથી કહી. તમને ખબર કેવી રીતે પડી?"

વિલ્સન : "સરળ છે. તે જાણવા તારે મારા એક મિત્રને મળવું પડશે. બોલ જઈશ?"

જોન : "જરૂરથી જઈશ. કોણ છે તે. શું કરે છે?"

વિલ્સન (કોઈને ફોન પર): "સ્મિથ, કેમ છો ભાઈ? મેં ગઇકાલે તમને જેના વિષે વાત કરી હતી તે જોન તમને મળવા ઇચ્છે છે. આપને ક્યારે અનુકૂળ છે? ભલે.. જરૂર... આવજો..."

વિલ્સન : "જોન, તું સ્મિથને કાલે તેમના નિવાસ સ્થાને સવારે ૮ વાગે મળી લે જે. તે તારા બધા જ પ્રશ્નો નો ઉત્તર આપશે."

જોન : "આ શ્રી સ્મિથ, સ્મિથ ગ્રુપ ઓફ ઇંડસ્ટ્રીજના માલિક તો નહીં ને?"

વિલ્સન : "હા એ જ શ્રી સ્મિથ."

જોન બીજા દિવસે સવારે સ્મિથના નિવાસ સ્થાને પહોંચે છે. જોનનું સ્વાગત એક સુંદર સ્ત્રી કરે છે. ત્યાં જ સ્મિથ આવે છે. જોનને સ્મિથના મુખ પર એક અલગ જ આભા દેખાય છે. તે ચહેરા પરથી સરળ વ્યક્તિ લાગે છે. જોન તેમને જોઈને ઊભો થઈને તેમણે માન આપે છે.

સ્મિથ : “વેલકમ જોન! રીટા, અમે કોફી બહાર બગીચામાં લઈ શું. ”

રીટા સ્મિત સાથે કોફી પીરસે છે.

સ્મિથ : “જોન તું જાણે છે કે દુનિયાની સૌથી સરસ કોફી રીટા બનાવે છે. રીટાની કોફીથી આખો દિવસ સરસ જાય છે.”

જોન : “હમમ... ખૂબ જ સરસ સ્વાદ છે. સુગંધ પણ અદભુત છે”

સ્મિથ : “વિલ્સન સાથે તારા વિષે મારે વાત થઈ છે. તું મારી સાથે દરરોજ એક કલાક પસાર કરી શકે? જો તું વ્યસ્ત હોય તો આપણે બપોરે લંચ વખતે મળી શકીએ.”

જોન : “જરૂર સર. તે મારુ સદભાગ્ય બનશે. શું આપણે આજથી જ શરૂ કરી શકીએ?”

સ્મિથ : “હા, આજે બપોરે ક્લોટ કાફેમાં મળીએ. બરાબર દોઢ વાગે.”

જોન તેની ઓફિસ પર જઈ ને દરરોજ ની જેમ જ કામ કરી બપોરે દોઢ વાગે ક્લોટ કાફે પહોંચે છે. બહાર બહુ જ લાંબી કતાર જોઈ ને આશ્ચર્ય પામે છે અને થોડો ગભરાટ પણ થાય છે, તેને ઓફિસ સમય પર પહોચવું જરૂરી છે. ત્યાં જ એક અવાજ આવે છે, “જોન... આ બાજુ...” સ્મિથ તેને એક ટેબલ પર બોલાવે છે.

જોન : “ગૂડ આફ્ટર નૂન સર!”

સ્મિથ : “કેમ છે જોન? શું જમીશ?”

જોન : “કઈ પણ. આપને મળવું જરૂરી છે ભોજન ગૌણ છે.”

સ્મિથ : “આપણે વાત શરૂ કરીએ તે પહેલા મારી એક શરત છે. તું જે પણ નવું શીખે તે તારે તારા વ્યવસાયમાં ઉપયોગ કરી ને જ બીજી વખત મળવા આવવાનું.”

જોન : “મંજૂર છે સાહેબ.”

સ્મિથ અર્નેસ્ટોને (ક્લોટ કાફેના માલિકને) બોલાવે છે અને : “કેવું ચાલે છે?”

અર્નેસ્ટો : “બહુ જ સરસ છે. આપ જોઈ શકો છો કે અહીં કાયમ ભીડ રહે છે. આપ જાણો જ છો કે અહીં પહેલા કોઈ આવતું ન હતું. ધારણા બહાર પરિવર્તન આવ્યું છે.”

જોન (ઉતવાળો થઈને) : “આપે શું પરિવર્તન કર્યું ?”

સ્મિથ : “અર્નેસ્ટોએ પોતાનું મૂલ્ય વધાર્યું. તમે પૈસાના બદલામાં શું લાભ સામેવાળાને આપો છો તે પરથી તમારું મૂલ્ય નક્કી થાય. તમે જેટલો લાભ વધુ આપો તેટલું તમારું મૂલ્ય વધે! આજનો આ તારો પાઠ. કાલે વ્યવસાયમાં ઉતારીને આવજે”

જોન અને સ્મિથ ત્યાંથી છૂટા પડે છે. જોન કાર્યાલય પર પરત ફરે છે. એક ગ્રાહક ને મળે છે અને ખૂબ પ્રયત્ન બાદ એક મશીનનો ઓર્ડર મળે છે. રોજિંદું કામ પૂરું કર્યા બાદ વિચારે છે કે મારુ મૂલ્ય હું કેવી રીતે વધારું. થોડા વિચાર બાદ  જોનને વિચાર આવે છે કે આ શું માથાકૂટ. કાલે સ્મિથને નહીં મળું. ઓહ્હ, સ્મિથ મારા બોસ નો મિત્ર છે. તેને નહીં મળું તો લોચો પડશે. કંઈક વિચારવા દે. જોન પેલા ગ્રાહક રસલને ફોન કરે છે.

જોન : “ગૂડ ઈવનિંગ સર! આપે જે ઓર્ડર આપ્યો તે બદલ આભાર. મારે તમને એક વાત કહેવી છે.”

રસલ (થોડા ગંભીર અવાજમાં) : “બોલો જોન, ડિલ તો થઈ ગઈ હવે શું વાત છે?”

જોન : “વાત આપને વધુ લાભ આપવાની છે. મને લાગે છે કે મારે કંપની આ મશીન સાથે તમને એક વર્ષની સર્વિસ ફ્રી આપી શકે. તદ્દુપરાંત આપના ઓપરેટરને ટ્રેનિંગ પણ ફ્રી થઈ જાય તો કેવું!”

રસલ: “ખરેખર! એવું થાય તો બહુ જ સરસ. મારા બોસને મળવાનો સમય થઈ ગયો છે થોડી વાર પછી તમારી સાથે હું વધુ વાત કરું છું.”

થોડીવાર બાદ રસલનો ફોન આવે છે. જોન આશ્ચર્ય પામે છે. રસલ કદી સામેથી ફોન કરતો ન હતો. આપણે ત્રણ ચાર ફોન કરીએ પછી પણ ઉપકાર કરતો હોય તેમ વાત કરવા રાજી થાય.

રસલ : "જોન તમારા માટે એક સારા સમાચાર છે. મેં તમારા ફોન વિષે વાત મારા બોસને કરી તેમણે મને બીજા બે મશીનનો ઓર્ડર તમને આપવા જણાવ્યું છે. આવતી કાલે સવારે માણસ મોકલી ને ચેક મંગાવી લે જો."

જોન રાજી થાય છે. જોન બીજા દિવસે ઉત્સાહભેર સ્મિથને વાત કરે છે. સ્મિથ એક સ્ત્રીને બોલાવે છે અને પરિચય કરાવે છે, "નિકોલ એક સોફ્ટવેર ડિઝાઈનર છે. તેની કંપની છેલ્લા ત્રણ વર્ષોથી ૩૦૦%ના દરે વિકાસ કરે છે." સ્મિથ પૂછે છે કે, "તું સફળ કેવી રીતે થઈ?" "આવક વધારીને" નિકોલ જવાબ આપે છે. જોન પૂછે છે કે, "આવક કેવી રીતે વધે?"

નિકોલ : "તમારી આવકનો આધાર તમે કેટલા વ્યક્તિઓને સેવા આપી તે પર થી નક્કી થાય છે. અમે ઓછી વેચાણ કિંમતે વધુ લોકોને ગ્રાહક બનાવ્યા છે." જોન પોતાનો નવો પાઠ સમજી જાય છે અને ત્યાંથી કાર્યાલય પરત ફરે છે. આજે તેનું મન રોજિંદા કામ પ્રત્યે ઓછું થયું અને તે વિચારે છે કે નવા પાઠની શરૂઆત ક્યાંથી કરવી. જોન ને રસલનો ચેક હાથમાં આવે છે તે એક તુક્કો લગાવે છે.

જોન ફોન પર : "કેમ છે રસલ?"

રસલ : "હું મજામાં છું, તું કેમ છે?"

જોન : "હું તને એક વાત કરવાનું ભૂલી જ ગયો. તારો ચેક આવ્યા પછી મને યાદ આવ્યું."

રસલ (થોડો ગંભીર અવાજમાં) : "શું વાત છે જોન?"

જોન : "અમે બેથી વધુ ઓર્ડર એક સાથે આપનાર ગ્રાહકને ૨% ડિસ્કાઉંટ આપીએ છીએ. કાલે હું તારો ચેક પરત મોકલું છું બીજો ચેક લખી આપીશ?"

જોન બીજા દિવસે સવારે ચેક પરત મોકલે છે. ત્યાં જ રસલનો ફોન જોન પર આવે છે.

રસલ : "જોન! જો હું તને એક સાથે ૫ મશીનનો ઓર્ડર આપું તો કેટલું ડિસ્કાઉંટ આપીશ?"

જોન : "૩%"

રસલ (ગમ્મત સાથે) : "મારે ૫% ડિસ્કાઉંટ જોઈતું હોય તો કેટલા મશીનનો

ઓર્ડર આપવો પડશે!"

જોન ઉત્સાહમાં આવી જાય છે.

જોન : "૧૦ મશીન પર ૬% અને ૨૦ મશીન પર ૭% અને ...

(જોન માટે ૨૦ મશીન એક મહિનાનો લક્ષ્યાંક હતો.)

રસલ : "અટકી કેમ ગયો. બોલ.. હું વધુ મશીન ખરીદી શકું તેમ છું."

જોન : "૩૦ મશીન પર ૮% અને ૫૦ મશીન પર ૧૦%."

રસલ : "તો ૫૦ મશીન નો ઓર્ડર લખ. કોઈને મોકલીને ચેક મંગાવી લે."

જોન બપોરે સ્મિથને સમગ્ર વાત કરે છે. સ્મિથ જોનને એક આલીશાન ઓફિસ પર લઈ જઈને સામાન્ય દેખાતા બોબનો પરિચય કરાવે છે અને કહે છે કે, "બોબ આ દેશનો સૌથી સફળ ઇન્સ્યોરન્સ એજન્ટ છે. બોબ તું તારી સફળતાની કુંજી બતાવ."

બોબ : "તમારો પ્રભાવ લોકો પર પડવો જરૂરી છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ જ સફળતાની કુંજી છે. તમારે લોકો સાથે કામ કરવાનું હોય છે જો તમે તેમનું હિત જુઓ તો જ તમારો પ્રભાવ પડે. લોકોનું હિત જોવા તેમને સમજવા પડે. અને તેમને સમજવા માટે તમારે તેમને સાંભળવા પડે."

જોન કાર્યાલય પર પરત જાય છે. તેને આજના પાઠ માટે કશું જ સુજતું નથી. તે થકી ને ઘર પર જાય છે ત્યારબાદ ટીના (જોનની પત્ની) થાકેલી આવે છે. જોન સ્મિત આપે છે. ટીના પણ સ્મિત આપે છે. જમ્યા બાદ રાત્રે સૂતી વખતે ટીનાને જોઈને જોન પૂછે છે, "કેવો રહ્યો દિવસ?"

ટીના : "બેકાર! આ બોસ કશું જ સમજતો નથી. સ્ટાફને તો મારે સંભાળવાનો છે. સમય પર કામ મારે કરાવવાનું છે...."

ટીના લગભગ અડધો કલાક બોલે છે. અને જોન સાંભળે છે. સવારે જોન ઊઠે છે ત્યારે ટીના કામ પર જતી રહી હોય છે. તે એક ચિઠ્ઠી જોન માટે મૂકીને ગઈ હોય છે.

"વ્હાલા જોન,

આજે મને લાગે છે કે હું આ દુનિયાની સૌથી સુખી સ્ત્રી છું. ગઈ કાલે રાત્રે તારી સાથે વાતો કરીને મારુ હ્રદય હળવું થઈ ગયું છે.

તું ખરેખર સારો માણસ છે. હું ખૂબ જ ખુશ છું.

થોડા દિવસો પહેલા તને તારા માતાપિતાને મળવાની ઈચ્છા થઈ હતી, મને ખૂબ કામ હતું એટલે મેં તને ના કહી હતી. આજે હું થોડા દિવસોની રજા માટે કંપનીમાં અરજી મૂકવાનું વિચારું છું. ચાલ તારા માતાપિતાને મળી આવીએ!

દિવસ દરમિયાન તને સમય મળે ત્યારે મને ફોન કરજે. મને તારો સાથ ખૂબ જ ગમે છે.

તારી અને માત્ર તારી...

ટીના"

જોન કાર્યાલય પર જઈને જોવે છે કે તેની કેબિન પર બીજા કોઈનું નામ હોય છે. જોન ના દિલ પર ફાળ પડે છે. એક કર્મચારી તેને વિલ્સનને મળવાનું સૂચવે છે. વિલ્સનની કેબિનમાં સ્મિથ પણ હોય છે. વિલ્સને કહ્યું, "રસલે તારા વિષે મને વાત કરી. તેને બીજા ૮૦ મશીનનો ઓર્ડર આપ્યો છે. તે તારો છ મહિનાનો લક્ષ્યાંક એક જ ઓર્ડરમાં પૂરો કર્યો છે. તારી સેલ્સ ટીમ લીડર તરીકેની જવાબદારી અહીં પૂરી થાય છે.


તને એરિયા સેલ્સ મેનેજર બનાવવામાં આવે છે. હવે તારે દર મહિને ૧૦૦ મશીનનો ઓર્ડર લાવવો પડશે. બોલ તને કબૂલ છે?"

જોન : "થેન્ક યૂ સર! હું ભાગ્યશાળી છું મને તમારા જેવા બોસ મળ્યા. પણ મારી એક શરત છે. હું દરરોજ બપોરે એક કલાક હું સ્મિથ સાથે લંચ લેવા જઈશ. મારે હજુ ઘણું શીખવાનું બાકી છે!" બધા હસીને છૂટા પડે છે.

❖ ❖ ❖

# અરદેશર ગોદરેજ

સાબુના એક ઉત્પાદકે ગાંધીજીના આશીર્વાદ માંગ્યા ત્યારે જવાબમાં ગાંધીજી એ દર્શાવેલ અરદેશર ગોદરેજ પ્રત્યેનો સદભાવ મારા વાંચવામાં આવ્યો અને વિચાર આવ્યો કે ગાંધીજી કોઈ પ્રત્યે કારણ વગર પક્ષપાત કરે તે બની જ ના શકે, એટલે ગોદરેજ વિષે મેં વાંચ્યું અને લાગ્યું કે, આ સૌને જાણવા જેવી વાત છે.


મારા ભાઈ
ગોદરેજ પ્રત્યે મને પક્ષપાત છે. તે
પરોપકારી વ્યક્તિ છે. જો તમારું
સાહસ તેના સાબુને ધક્કો
પહોંચાડનારું હોય તો મારી
સંમતિ તમને ન મળે
મોહનદાસ ગાંધી

"મારા ભાઈ ગોદરેજ પ્રત્યે મને પક્ષપાત છે. તે પરોપકારી વ્યક્તિ છે. જો તમારું સાહસ તેના સાબુને ધક્કો પહોંચાડનારું હોય તો મારી સંમતિ તમને ન મળે."

- મોહનદાસ ગાંધી

❄ ❄ ❄

વકીલાત માટેની ડીગ્રી મેળવનારા અરદેશરને લાગ્યું કે તે વકીલાત માટે નથી બન્યા. તેમણે મેડિકલ સર્જરીના અતિ સૂક્ષ્મ સાધનો બનાવવાનું નક્કી કર્યું.

આ બધા માટે નાણાં ઉધાર લેવા તે મેરવાનજી પાસે ગયા તો મેરવાનજીએ કહ્યું, "તને વારસામાં મળેલી રકમ તે રાખી લીધી હોત, તો મારી પાસે આવવું. પડયું ન હોત ને?" (ઈ.સ. ૧૮૮૦માં અરદેશરના ભાગે વારસામાં મળેલ રૂ. ૧,૫૦,૦૦૦નો વિનમ્રતાથી અસ્વીકાર કર્યો હતો. તે સમયે આ રકમ બહુ મોટી કહેવાતી.) ઉત્તરમાં અરદેશરે કહ્યું, "મને મળેલો વારસો એ તો ભેટ હતી. હું એ કમાયો ન હતો. એટલે એની પર મારો હક્ક ન ગણાય. હું તમારી પાસે ઉધાર રકમ માગું છું. અને તમે ખાતરી રાખજો કે હું પૂરેપુરી ભરપાઈ કરી દઈશ."

વાઢકાપના સાધનો, બ્રિટિશ સાધનો જેવા જ, કિંમતમાં તેનાથી સસ્તા અને તે પણ આધુનિક યંત્ર સામગ્રી વગર બનાવવાની વાત હતી. - અરદેશરની આ વાત મેરવાનજી દંગ રહી ગયા અને મલકાયાં. અરદેશર અલગ જ વ્યક્તિ હતો. મેરવાનજી પાસેથી આશીર્વાદ સાથે ત્રણ હજાર રૂપિયાની લોન લઈને અરદેશરે કામ ચાલુ કર્યું. અરદેશર કામે લાગી ગયા. અશક્ય ગણાતું આ કાર્ય એમણે સિધ્ધ કર્યું. અરદેશરે માલ લગતા લોકોને બતાવ્યો. સૌએ આશ્ચર્ય સાથે તેનાં વખાણ કર્યાં, તેઓ ઉપાડ્યા આ માલ વેચવા એક અંગ્રેજ વ્યાપારી પાસે. પેલા અંગ્રેજે તેમણે ઉદારતાથી અભિનંદન આપ્યા. પછી તેની કિંમત અને માર્કેટની વાતો થઈ. દરેક સાધન પર "મેઈડ ઇન ઈન્ડિયા"ની છાપ હતી. તે પ્રશ્ન એક પેલા અંગ્રેજના સેલ્સમેને ઊભો કર્યો. બધા એક મત થયા કે "મેઈડ ઇન ઈન્ડિયા" છાપ હટાવવાથી જ આ માલ વેચી શકાશે. અરદેશરે પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, "મેઈડ ઇન ઈન્ડિયા" છાપ રાખવી ખૂબ જ જરૂરી છે. પરંતુ અંગ્રેજોએ ન માન્યા. આખરે અરદેશરે છેવટે અંગ્રેજને સંભળાવ્યું : "તમે અમારા ઉદ્યોગોને ઝનૂનપૂર્વક મારી રહ્યા છો. મારી બુદ્ધિ અને શક્તિથી બનાવેલા માલ ઉપર હું કદી પરદેશી છાપ નહીં મારવા દઉં! - આ માલ "હિંદમાં બન્યો છે" એવી જાહેરાત વિના મારો માલ તમને વેંચવા નહીં દઉં. આ છેવટની વાત છે !"

અંગ્રેજે છેલ્લો પાસો ફેંક્યો - "તારી મરજી. તારામાં શક્તિ છે, ખૂબ પૈસો કમાવાની તક તને આપી રહ્યો છું, તેને તું વેડફી દેવા ચાહે છે!"

"તમારી વાત સાચી છે. પણ અમને હિંદવાસીઓને હવે ભાન થવા લાગ્યું છે કે, પૈસા કરતાં સ્વમાન વધુ અગત્યનું છે!" જાણે ચાંદીના સિક્કાનો રણકાર સંભળાયો, ભારતીય ગૌરવ ઝળક્યું, અરદેશરણા હૈયે રહેલો સ્વદેશ પ્રેમ ઊભરાયો.

અંગ્રેજ ગિન્નાયો : "અમે બ્રિટિશરો આજે દુનિયાની ટોચ ઉપર છીએ, મિસ્ટર ગોદરેજ!" અરદેશરે પણ તડ અને ફડની ભાષામાં આગાહી કરી : "હા, પણ તમે જાણો છો ને કે દુનિયા ગોળ છે. અને આજે જે ટોચ ઉપર છે, તે નીચે પછાડાવાનું છે!"

આ સાથે જ પરસેવો પાણી ભેગો થયો, પણ હિન્દુસ્તાની સ્વાભિમાનનો રંગ ઝળકતો હતો. ગોદરેજના વાઢકાપના સાધનો ક્યારેય પણ બજારમાં ના આવી શક્યા. અથાક પરિશ્રમની સાથે સાથે અરદેશરને મેરવાનજીએ આપેલ રકમ પણ ડૂબતી લાગી. તેમણે મેરવાનજીને અંગ્રેજ સાથે થયેલ વાત કહી. અને જણાવ્યુ કે નાણાં હાલ પરત કરવા શક્ય નથી.

અરદેશર એક બીજી યોજના બનાવવામાં લાગ્યા. આ વખતે વિચાર તાળાં બનાવવાનો હતો.  મેરવાનજી પાસે ગયા અને યોજના વિષે જણાવ્યું. યોજના સાંભળીને મેરવાનજી બીજી લોન આપવા તૈયાર થયા. અરદેશરે કહ્યું, "જ્યાં સુધી તમારી પાસેથી ઉછીની લીધેલી રકમ પરત આપી ન શકું, ત્યાં સુધી વધારે નાણાં લઈ ન શકું!" મેરવાનજીએ થોડી યોજના વિષે થડી પૂછપરછ કરી અને રકમ ધીરવા મિત્રોને ભલામણ કરી. અરદેશરે તાળામાં નવા સંશોધનો કર્યા. અરદેશર ટકાઉ તાળાં બનાવવા લાગ્યાં. આ તાળાં અમેરિકન અને યુરોપ ના તાળાં કરતાં પણ ચડિયાતા પુરવાર થયા. હવે સમય હતો જાહેરાત કરી ને સૌને આ તાળાં સૌથી સારા છે તે જણાવવાનો. આગળ જ અરદેશેરથી ગિન્નાયેલા અંગ્રેજોએ બ્રિટિશ અખબારો ને જાહેરાત છાપતાં અટકાવ્યા તો તે રાષ્ટ્રીય અખબારો અને સામયિકો ભણી વળ્યા! હવે સમય હતો અરદેશરનો. તાળાંની માંગ વધી. અરદેશરના કારખાનાની વિશાળતા વધી. ૬૦૦ કારીગરો કાર્યરત થયા.

અરદેશરે હવે તિજોરીઓ બનાવવાનું નક્કી કર્યું. આદત મુજબ તિજોરી પણ વિદેશી માલ કરતાં વધુ કારગર સાબિત થઈ. અનેક લોકોએ વ્યક્તિગત અને જાહેરમાં તેની સલામતી  ચકાસી. અંગ્રેજોએ એક ખાનગી પરિપત્ર દ્વારા ગોદરેજની તિજોરી લેવા પર પ્રતિબંધ લાદયો. ૧૯૦૦ની સાલમાં એક ત્યારબાદ અમદાવાદનાં ૧૯૦૨ના પ્રદર્શનમાં તેની તિજોરીઓને બે સુવર્ણ ચંદ્રકો પ્રાપ્ત થયા. પોસ્ટ અને ટેલીગ્રાફ્સના ડિરેક્ટર જનરલે આ તિજોરીઓની અગ્નિપરીક્ષા કરી અને છેવટે ગોદરેજને ૩૭૨ તિજોરીઓનો ઓર્ડર આપ્યો! તેના પગલે બીજી ૯૦૦ કરતાં વધારે તિજોરીઓના ઓર્ડર આવ્યા.

૧૯૧૮માં અરદેશરે ચાવી છાપ સાબુના લાટા બજારમાં મૂક્યા, સફળ નીવડ્યા. તે સમયે અરદેશરે કેમિકલમાં અનેક પ્રયોગો કર્યા તે ભવિષ્યમાં મહાન વૈજ્ઞાનિક શોધ ગણાવવાની હતી અને તેના શોધકને વિશ્વવિખ્યાત બનાવવાની હતી. સાબુ ઉત્પાદનમાં આરંભથી પ્રાણીજ ચરબી વાપરવાનું ચલણ હતું. તેના સ્થાને વનસ્પતિ તેલ વાપરવાનો પ્રયોગ અરદેશરે કર્યો. ૧૯૨૦માં સૌપ્રથમ આ સાબુ બજારમાં મૂકવામાં આવ્યો.

ગોદરેજ સાબુને ચાર ચાંદ લગાવ્યા સરકારી કેમિકલ એનેલાઈઝર ડબલ્યુ. એચ. ડિકિનસનના પ્રમાણ પત્રે :

" ગોદરેજે મોકલલ સાબુનું કાળજીપૂર્વકનું સંપૂર્ણ પૃથ્થકરણ કર્યા પછી મારો મત થયો છે કે, એ ઉચ્ચ ગુણવત્તાવાળો છે, તપાસ કસોટીમાં એ ઉત્તીર્ણ થયેલ છે, એમાનો તૈલી પદાર્થ પૂર્ણરૂપે વનસ્પતિજન્ય છે, વાપરનારને ગમે તેવો છે, કિફાયત હોઈ પરવડે તેવો છે. ફીણ ખૂબ વળે છે, અને તેમાં આછી પણ મીઠી સુંગંધ છે. અમિશ્રિત અલ્કલીથી એ લગભગ મુક્ત છે, તેથી ખૂબ મુલાયમ ત્વચાપર વાપરવા માટે યોગ્ય છે."

તેની અસર ભારતની સાબુની આયાતમાં પડી. ૧૯૨૦-૨૧માં બે કરોડ રૂપિયાની આયાત હતી, તે ઘટીને ૧૯૪૦-૪૧માં ૧૮ લાખ રૂપિયાની થઈ ગઈ હતી.

૧૯૨૧માં અરદેશરે ટિળક સ્વારજા ફંડમાં ત્રણ લાખ રૂપિયા (આજે તેની કિંમત કરોડો થાય)નું દાન આપ્યું. અરદેશરે પિતાએ આપલી વારસાને વિરાટ રકમ પોતાની તરુણાવસ્થામાં સ્વીકારે ન હતી. તેમ પોતાની મિલકતનું શું કરશે ? - તે બાબત નિકટના સ્વજનો માટે કોયડો હતી. ખૂબ જ સરળતાથે અરદેશરે આ કોયડાના ઉકેલ રૂપે પોતાનું બધું જ જાહેર હિત માટે આપી દીધું. ૧૦ જાન્યુઆરી, ૧૯૩૬ના રોજ આ ભવ્ય જીવન આટોપાયું. અંતિમ વિદાય આપવા માટે ડુંગરવાડીમાં સેંકડોની સંખ્યામાં લોકો આવ્યા. અરદેશર તરફનો આદર વ્યક્ત કરવા આવેલ અસંખ્ય આત્મીયજનોને જોઈ પરિવારજનો અચરજ પામ્યાં. એમાંના ઘણાંને તેઓ ઓળખતા પણ ન હતા, અને એવી જરૂર પણ ન હતી. કારણ કે સૌ સમજતા હતા કે, અરદેશર સૌના જીવનને સાર્થક રીતે સ્પર્શ્યા હતા અને તેમણે લોકોના જીવનમાં ચિનગારી પેટાવી હતી.

❖ ❖ ❖


# તેજાનામાં સમાયેલું સ્વાસ્થ્ય

અનાજ અને રસોઇમાં ઉપયોગમાં લેવાતા રોજિંદા મસાલા બાદ રસોડામાં જો કંઈ સૌથી જરૂરી સામગ્રી હોય, તો તે છે ગરમ મસાલો. આપણા દરેકના રસોડામાં આ ગરમ મસાલો એટલે કે તેજાના તો હોય જ છે. તેજાના ભોજનનો સ્વાદ વધારવા માટે તો ઉપયોગમાં લેવાય છે, તદુપરાંત તેની સુગંધ ભોજનના સ્વાદને બમણો છે.

એટલું જ નહીં, સાધારણ લાગતા આ તેજાના અનેક ઔષધિય ગુણોથી ભરપૂર હોય છે.

- સૂંઠ અને અજમો ક્રશ કરી તેમાં લીંબુનો રસ ભેળવો. આ મિશ્રણને છાંયડામાં સૂકવી તેમાં મીઠું ભેળવી દો. આનો ઉપયોગ પેટ વિકાર દરમિયાન કરો.
- ધાણા પાઉડરને ચાંદી પડી હોય ત્યાં એક મિનિટ માટે રાખી ગળી જાવ. મોંમાં પડેલી ચાંદી દૂર થઈ જશે.
- જીરાને લોઢી પર શેકી ક્રશ કરી લો. ઝાડા થયા હોય ત્યારે આ જીરાને એક ચમચી મધમાં ભેળવીને લેવાથી રાહત થશે.
- નાના બાળકને ઝાડા થયા હોય તો જાયફળ પાણીમાં લસોટી તે ચટાડવાથી સારું રહે છે.
- આખી મેથી ગરમ પાણી સાથે લેવાથી પેટના દૂ:ખાવામાં રાહત થાય છે. આ ઉપરાંત મેથીને લોઢી પર શેકી બારીક ક્રશ કરી લો. આ પાઉડર સવાર-સાંજ એક-એક ચમચી પાણી સાથે લેવાથી કમરના દૂ:ખાવા અને સંધિવામાં આરામ મળે છે.
- તજનો બારીક પાઉડર બનાવી તેમાં સહેજ પાણી ભેળવી માથું દૂ:ખતું હોય ત્યારે લગાવવાથી તરત સારું લાગે છે.

❖ ❖ ❖



E-Commerce Portal

CMS Development

Website Design

E-mail Solution

Web Hosting

# We understand

Website design as an **ART** to make difference.

Web promotion as combination of ART and SCIENCE of **search engine optimization.**

MacSoft

Macro World℠ Softwares

418, Devpath, Nr. Lal Bunglow, C. G. Road, Ahmedabad. Pincode : 380 006. Gujarat - INDIA

+91 (79) 65125678 | +91 98796 33 230 | info@tradsoft.com | www.macroworldsoftwares.com

INDIA | U.S.A. | U.A.E | BAHRAIN | CHINA